# આત્મધર્મ

માસિક : વર્ષ-૮ ✻ અંક-૪ ✻ ડિસેમ્બર, ૨૦૧૩



હું આ ક્ષણે જ પરમાત્મા થવાને લાયક છું એવો અંદરથી વિશ્વાસ આવવો જોઈએ. આ વાતની જે હા પાડે છે, અંદરથી હકાર આવે છે, તે જીવને રાગથી છૂટો પડવાની શરૂઆત થઈ ગઈ છે, છૂટો પડતો જાય છે એટલે નૈગમનયે છૂટો પડી ગયો તેમ શાસ્ત્રમાં કહ્યું છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✲ જો જ્ઞાનકા સામર્થ્ય હૈ વહ તીવ્ર તપકા ભી સામર્થ્ય નહીં હૈ ક્યોંકિ ઐસા હૈ કિ અજ્ઞાની અનેક કષ્ટોંકો સહ કર તીવ્ર તપકો કરતા હુઆ કરોંડો ભવોંમેં જિતને કર્મોંકા ક્ષય કરતા હૈ વહ આત્મભાવના સહિત જ્ઞાની મુનિ ઉતને કર્મોંકા અંતર્મુહૂર્તમેં ક્ષય કર દેતા હૈ, યહ જ્ઞાનકા સામર્થ્ય હૈ. ૧૩૮૯. *(શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા—૫૩)*

✲ ભૂતકાળમાં જે મહાત્મા યોગીશ્વરો મોક્ષ ઐશ્વર્યને પામ્યા, વર્તમાનમાં પામે છે અને ભવિષ્યમાં પામશે તે સર્વે પરમ આનંદના ધામરૂપ એક નિજ શુદ્ધ ચિદ્રૂપને સમ્યક્પ્રકારે સર્વ પ્રયત્નેથી આરાધી ઉપલબ્ધ કરીને જ પામ્યા છે, પામે છે અને પામશે. ૧૩૯૦.　　*(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન તરંગિણી, અધ્યાય-૨, ગાથા-૧૬)*

✲ અપનેકો સર્વભયસે રહિત કરના અભયદાન હૈ. જિસકા સર્વ સાંસારિક ભય નાશ હો જાતા હૈ વહી ભવ્ય હૈ. આત્મા અભય હૈ, વહ અવિનાશી અમૂર્તિક હૈ, ઉસકો કિસીકે દ્વારા નાશ હોનેકા ઔર બિગડનેકા ભય નહીં હૈ. ઈસ અભયસ્વરૂપ આત્મામેં રમણ કરના સો હી સર્વ ભયોંકો નાશ કર દેના હૈ. આત્મામેં રમણ કરનેસે ભય નોકષાયકા પરિણમન મિટ જાતા હૈ. યહી અભયદાન હૈ. ૧૩૯૧.

*(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૭૬)*

✲ શાસ્ત્રકર્મ, લેખનકર્મ, કૃષિકર્મ, વિદ્યાકલા, શિલ્પકર્મ, વ્યાપારકર્મ ઈન છ પ્રકાર આજીવિકાકે સાધનોં દ્વારા શરીર ધન વ પુત્રકે લાભકે લિયે જિસ તરહકા પરિશ્રમ તૂ કરતા હૈ યદિ સંયમકે લિયે એક દફે ભી વૈસા પરિશ્રમ કરે તો ક્યા નિર્દોષ અનંત સુખકો નહીં ભોગ સકે? અવશ્ય તૂ ભોગ સકેગા. ૧૩૯૨.

*(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૬૬)*

✲ જેમણે ગુરુની સમીપે ન શાસ્ત્ર સાંભળ્યું છે અને ન તેને હૃદયમાં ધારણ પણ કર્યું છે તેમને ઘણું કરીને ન તો કાન છે અને ન હૃદય પણ છે, એમ હું સમજું છું. ૧૩૯૩.　　*(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ઉપાસક સંસ્કાર, શ્લોક-૨૧)*


✲ વસ્તુસ્વરૂપકે જાનનેવાલે વિદ્વાનોંને કાલકૂટ (હલાહલ) વિષ ઔર વિષયોંમેં મેરુ પર્વત ઔર સરસોંકે સમાન અંતર કહા હૈ. અર્થાત્ કાલકૂટ વિષ તો સરસોંકો સમાન છોટા હૈ ઔર વિષયવિષ સુમેરુપર્વતકે સમાન હૈ. ૧૩૯૪

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૦, શ્લોક-૧૯)*

વર્ષ–૮
અંક–૪

સંવત
૨૦૭૦
December
A.D. 2013



# દ્રવ્ય-ગુણની જેમ સિદ્ધપર્યાય પણ સ્વભાવભાવભૂત હોવાથી ધ્રુવ છે

(શ્રી સમયસારજી ઉપર (૧૫મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીના મંગળ પ્રવચનો)

(સળંગ પ્રવચન નં. ૫, ઉત્તરાર્ધ)

અહીં કહે છે કે અમે સિદ્ધ ભગવાનનો આદર કરીએ છીએ અને પૂર્ણાનંદ પ્રાપ્ત પ્રભુને વંદન કરીએ છીએ. રાગમાં, વ્યવહારમાં કે અલ્પદશામાં અમને આદર નથી. સમયસારના કહેનાર અમે અને સમયસાર સાંભળનારા શ્રોતાઓ અને સંગાથીઓ અમે બધા સિદ્ધપદને પામવાના છીએ.

वंदित्तु सव्व सिद्धेनुं આ મહાન માંગલિક કરીને જેણે સિદ્ધને અંતરમાં સ્થાપ્યા છે તે ભગવાન થયા વિના રહેશે નહિ. જેમ કોઈને બહારગામ જવું હોય તે દિવસે વાર કવાર હોય તો પહેલાં પસ્તાનુ મૂકી દે છે ને! પછી જવા ટાઈમે સાથે લેતા જાય, તેમ અત્યારે સિદ્ધદશા માટે આ કાળ કવાર છે ને! માટે અમે પસ્તાનુ મૂકીએ છીએ, પછી જ્યારે મનુષ્યભવનો સુકાળ આવશે ત્યારે સિદ્ધ થઈશું પણ પસ્તાનુ અત્યારે મૂકી દઈએ છીએ. ભલે આ કાળે કેવળજ્ઞાન નથી પણ અંતરમાં સિદ્ધને સ્થાપીને અમે 'સિદ્ધ થવાના' એવું પસ્તાનુ મૂક્યું છે. જેને વંદન કરીએ છીએ તે સિદ્ધ કેવા છે તેનું જ્ઞાન કરીને હૃદયમાં સ્થાપ્યા છે. ઓળખાણ કરીને સ્થાપ્યા છે.

કેવી છે તે પંચમગતિ?—સ્વભાવભાવરૂપ છે તેથી ધ્રુવપણાને અવલંબે છે. જેમ દ્રવ્યસ્વભાવ છે, ગુણ સ્વભાવ છે તેમ આ પર્યાય પણ સ્વભાવભાવરૂપ છે. જુઓ! પર્યાય કાંઈ સાધારણ નથી. પર્યાય પણ દ્રવ્ય, ગુણની જેમ સ્વભાવરૂપ છે. સ્વભાવથી ઉત્પન્ન થઈ છે એમ

> રે! ખનન-ઉત્તાપન-પ્રજાલન-વીજન-છેદ-નિરોધનાં
> ચિરકાળ પામ્યો દુઃખ ભાવવિહીન તું તિર્યંચમાં. ૧૦. —શ્રી ભાવપ્રાભૃત

નહિ પણ સ્વભાવભાવરૂપ છે—વર્તમાનમાં પર્યાય એટલે શું? કાંઈ નહિ—એમ નહિ. પર્યાય પણ વસ્તુનું સ્વરૂપ છે. દ્રવ્ય તો સ્વભાવભાવરૂપ હતું, ગુણ પણ સ્વભાવભાવરૂપ હતા અને સિદ્ધપર્યાય પણ સ્વભાવભાવરૂપ થઈ ગઈ એટલે ત્રણેય એકાકાર થઈ ગયા; સમજાણું કાંઈ!

કુંદકુંદઆચાર્યે પંચમકાળની અપેક્ષાએ તીર્થંકર જેવું કામ કર્યું છે અને અમૃતચંદ્ર આચાર્યે તેના પેટ ખોલી નાખ્યા છે. અંતરના ઉલ્લાસથી હોંશથી ટીકા કરી છે, એ ન હોય તો આટલા ભાવ ન ખૂલે.

પ્રભુ! તમે અહીં બિરાજો તેમાં અમારા મોક્ષમાર્ગના મંડપની શોભા છે. તમે પ્રભુ! મારી પર્યાયમાં પધારો તેમાં અમારી સાધકદશાની શોભા છે એમ આચાર્યદેવ પોતે કહે છે. પ્રવચનસારની પાંચ ગાથામાં તો કહે છે અમારી સાધકદશા અને મોક્ષને અમે વરીએ છીએ, અમે પોતે જ સ્વયંવર છીએ. મોક્ષલક્ષ્મી અમને વરે છે. અમને પાસ કરે છે. અમારા શુદ્ધ સ્વરૂપને સાધન કરી અમે સ્વયં સિદ્ધનું સ્થાપન કરીએ છીએ અને સ્વયં અમે સિદ્ધદશાને વરવાના છીએ. કોઈ અન્ય નિમિત્ત કે રાગ કે વ્યવહારના આશ્રયે અમે સિદ્ધદશાને વરવાના નથી. અમારી દીક્ષા પણ કોઈને આધારે નથી.

આહાહા...! આ તો દિગંબરો—સંતો આવી વાત કરે.

શ્રોતા :—આ બધી વાતો અમને તો આપના દ્વારા મળે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ છે (શાસ્ત્રમાં) એ વાત કરીએ છીએ. જુઓને! કુંદકુંદ આચાર્ય કહે છે કે પંચમગતિને અમે અમારી પર્યાયમાં સ્થાપી છે. હજી તો મનુષ્યગતિ છે ને! એ વાત છોડી દે! સિદ્ધને અંતરમાં સ્થાપ! અમે તારામાં સિદ્ધને સ્થાપીએ છીએ અને તું ના શું કામ પાડે છે? તારો આત્મા સિદ્ધ જેવો છે હો બાપુ! ના ન પાડજે, હા પાડીને ઠરજે. પાંચમી ગાથામાં પણ એમ જ કહેશે કે અમે કહીએ છીએ તેને તું પ્રમાણ કરજે. હું નહીં કરી શકું એવી વાત નહિ કરતો. કોઈ શબ્દની ભૂલ હોય તો એ તારા ખ્યાલમાં આવે છતાં તેમાં રોકાઈશ નહિ. વસ્તુનો અનુભવ અને આત્માની પૂર્ણ શક્તિની પ્રગટતા કેમ થાય તેમાં તારું લક્ષ હોવું જોઈએ. દુર્જનની જેમ ભૂલને જોવા રોકાતો નહિ.

અહો! આચાર્યદેવ કહે છે કે સિદ્ધપર્યાય કેવી છે?—કે સ્વભાવભૂત છે. એક તો પર્યાય અને સ્વભાવભૂતપણું? જે હજુ પર્યાયને માનતો નથી તેને પર્યાયને સ્વભાવભૂત માનવી આકરી લાગે છે પણ અહીં તો માંગલિક ગાથાનો પ્રથમ શબ્દ જ સ્વભાવભાવભૂત પર્યાયથી થયો છે. પર્યાય હોય તે વિષમ હોય, અસ્થિર હોય અથવા દુઃખરૂપ હોય એમ માની લીધું છે

**તેં સહજ, કાયિક, માનસિક, આગંતુ—ચાર પ્રકારનાં**
**દુઃખો લહ્યાં નિઃસીમ કાળ મનુષ્ય કેરા જન્મમાં. ૧૧. —શ્રી ભાવપ્રાભૃત**

એટલે એને એમ લાગે કે સિદ્ધને પણ પર્યાય છોડતી નથી? વીસપંથીનો એક શાસ્ત્રી પંડિત અહીં આવ્યો હતો, તે કહે કે આ પર્યાય અને યોગ્યતાની વાત તો અહીં જ સાંભળી. એક સમયની પર્યાય શુદ્ધ અને સ્વતંત્ર છે, પોતાની યોગ્યતાથી થાય છે એ વાત એને નવી લાગી.

ભાઈ! કાર્ય બધું પર્યાયમાં જ થાય છે. સંસાર પર્યાયમાં છે, મોક્ષમાર્ગ પર્યાયમાં થાય છે અને સિદ્ધપણું પણ પર્યાયમાં પ્રગટ થાય છે. આવી પર્યાયની સ્વતંત્રતાની ખબર નથી ત્યાં શું થાય?

અહીં તો ભગવાન અમૃતચંદ્રઆચાર્યે 'ધ્રુવ' શબ્દમાંથી આ અર્થ કાઢ્યો છે. સિદ્ધગતિ તો પર્યાય છે ને વળી ધ્રુવ છે! હા. સિદ્ધપર્યાય સ્વભાવભાવભૂત છે માટે ધ્રુવ છે. ધ્રુવ તો પ્રભુ! દ્રવ્ય અને ગુણ હોય. આપ પર્યાયને ધ્રુવ કહો છો? હા. સિદ્ધદશા સ્વભાવભૂત છે. વીતરાગી પરમાનંદની પરિણતી પારિણામિકભાવની પર્યાય પૂરી થઈ ગઈ. જેવું દ્રવ્ય અને ગુણો હતા તેવો જ તેનો પારિણામિકભાવનો પર્યાય પૂરો થઈ ગયો. સ્વભાવભૂત પરિણમન થઈ ગયું માટે ધ્રુવ રહેશે. જે એકલા દ્રવ્યને જ માને છે, પર્યાયને માનતા નથી એ તો રાડ પાડે એવું છે. એક તો સર્વ સિદ્ધ કહ્યાં એટલે એક આત્મા નહિ પણ અનંત આત્મા સિદ્ધ ઠર્યા અને તેની દરેકની પર્યાયને સ્વભાવભૂત કહી. બાપુ! એ વસ્તુ છે. સમજાણું કાંઈ!

ભગવાન આત્મા જેવો શક્તિરૂપે હતો તેવી જ પર્યાયમાં વ્યક્તતા થઈ ગઈ એવી પંચમગતિ સ્વભાવભૂત છે માટે ધ્રુવ છે. જેવી એક સમયે છે તેવી સદૃશપણે એવીને એવી થયા કરવાની છે માટે ધ્રુવ છે એ તો ઠીક પણ અહીં તો વર્તમાનમાં તે સ્વભાવભૂત છે એમ ગાથામાં ખાસ કહેવું છે. એક સમયની સિદ્ધપર્યાય સ્વભાવભૂત છે એમ સિદ્ધ કરવું છે. પછી તે કાયમ એવી રહેશે તે બીજી વાત છે.

વસ્તુની સ્થિતિ આમ છે કે સિદ્ધે પોતાનું ધ્યાન કરીને સ્વભાવભૂત પર્યાય પ્રગટ કરી તેમ, તું પણ સિદ્ધ જેવા તારા સ્વભાવનું ધ્યાન કરીશ તો તારી પણ સ્વભાવભૂતપર્યાય પ્રગટ થઈ જશે. લોકોએ આ વાત કદી સાંભળી નથી. એકેન્દ્રિયજીવની દયા પાળો, સામાયિક, પોષા કરો, પ્રતિક્રમણ કરો, કલ્યાણ થઈ જશે પણ બાપુ! મૂળ વરને લાવો! વર વિનાની જાન હોય?

સિદ્ધગતિ સ્વભાવભૂત છે તેથી ધ્રુવપણાને અવલંબે છે. દ્રવ્ય અને ગુણ તો સ્વભાવભૂત હોવાથી ધ્રુવ છે તેમ સિદ્ધનો પર્યાય પણ સ્વભાવભૂત હોવાથી ધ્રુવપણાને અવલંબે છે. એમ કારણ આપીને ધ્રુવપણું સિદ્ધ કર્યું છે. આ વાત એના ભરોસામાં આવવી જોઈએ. શ્રદ્ધા-જ્ઞાનના ચોસલામાં આ વાત બેસવી જોઈએ. (ક્રમશઃ) ✻

**રે! હીન દેવ થઈ તું પામ્યો તીવ્ર માનસ દુઃખને,**
**દેવો તણા ગુણવિભવ, ઋદ્ધિ, મહાત્મ્ય બહુવિધ દેખીને. ૧૫. —શ્રી ભાવપ્રાભૃત**




# વીતરાગ વાણીને નમસ્કાર હો !



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)
(પ્રવચન નં. ૧)(તા. ૨૦-૪-૪૪, ગુરુવાર)

હવે ''આ શાસ્ત્ર શા માટે રચું છું'' તે કહે છે :—

अपवर्गाय भव्यानां शुद्धये स्वात्मनः पुनः।
वक्ष्ये नियमसारस्य वृत्तिं तात्पर्यसंज्ञकाम्॥

ભવ્યજીવોને મોક્ષમાર્ગમાં નિર્મળ આત્મશાંતિના પંથમાં લગાડવા માટે અને મારા આત્માની નિર્મળતા માટે આ નિયમસારની 'તાત્પર્યવૃત્તિ' નામની વૃત્તિની રચના કરું છું. તાત્પર્યવૃત્તિ એટલે કે તેમાં કહેવાનો શું હેતુ છે તે હું કહીશ.

હવે શાસ્ત્રની પ્રમાણતા તથા પોતાની નિર્માનતા બતાવે છે :—

किं च—

गुणधरगणधररचितं श्रुतधरसन्तानतस्तु सुव्यक्तम्।
परमागमार्थसार्थं वक्तुममुं के वयं मन्दाः॥

આ શાસ્ત્ર પરમાગમ છે, ગુણના ધરનારા ગણધરદેવથી તે રચાયેલું છે તે જ ભાવશ્રુતના ધારણ કરનારા આચાર્યોએ પરિપાટી દ્વારા પ્રગટ કર્યું છે; આ રીતે અવિચ્છિન્નધારા તૂટી નથી. જે ધારા ગણધરદેવથી આવી છે તે જ ધારા વડે શ્રી કુંદકુંદાચાર્યે રચ્યું છે અને પછી સમ્યક્શ્રુતના ધરનાર શ્રી ગુરુઓએ પરંપરાએ કહ્યું છે; એવા આ પરમ શાસ્ત્રના અર્થને કહેવામાં હું પાછળથી થયેલ અને અલ્પ બુદ્ધિવંત કેમ સમર્થ થઈ શકું?

अपि च—

अस्माकं मानसान्युच्चैः प्रेरितानि पुनः पुनः।
परमागमसारस्य रुच्या मांसलयाऽधुना॥

તોપણ આ પરમાગમના સારની જે પુષ્ટ રુચિ મારામાં ઉત્પન્ન થઈ છે તેનાથી મારા મનને વારંવાર પ્રેરણા થઈ છે, મારી રુચિ તેમાં જ પોષાઈ છે. એ રુચિના જોરે જ હું આ

**મદમત્ત ને આસક્ત ચાર પ્રકારની વિકથા મહીં,
બહુશઃ કુદેવપણું લહ્યું તેં, અશુભ ભાવે પરિણમી. ૧૬.　　—શ્રી ભાવપ્રાભૃત**

કહીશ. અહીં ‘‘મારા મનને પ્રેરણા થઈ છે’’ એમ કહ્યું છે, કારણ કે આ પણ શુભભાવ છે, તે શુભભાવ આત્માના સ્વરૂપમાં નથી પણ મનના અવલંબને છે.

पंचास्तिकायषड्द्रव्यसप्ततत्त्वनवार्थकाः।
प्रोक्ताः सूत्रकृता पूर्वं प्रत्याख्यानादिसत्क्रियाः॥

મૂળ સૂત્રકર્તા શ્રી કુંદકુંદાચાર્યે પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વો અને નવ પદાર્થો તથા પાછળના ભાગમાં પ્રત્યાખ્યાન આદિ સત્‌ક્રિયાઓનું વર્ણન કર્યું છે; પુણ્ય-પાપના શુભાશુભભાવ બધા અસત્ ક્રિયા છે—ક્ષણિક છે, એકલી જ્ઞાનની ક્રિયા સત્ છે એ સત્ ક્રિયાનું વર્ણન કર્યું છે. હવે વધારે વિસ્તાર ન કરતાં મૂળ ગ્રંથનું વિવેચન કરે છે.

મૂળ ગ્રંથકર્તા કુંદકુંદાચાર્યનું અસાધારણ મંગલાચરણ

णमिऊण जिणं वीरं अणंतवरणादंसणसहावं।
वोच्छामि णियमसारं केवलिसुदकेवलीभणिदं॥१॥

नत्वा जिनं वीरं अनन्तवरज्ञानदर्शनस्वभावम्।
वक्ष्यामि नियमसारं केवलिश्रुतकेवलिभणितम्॥१॥

આ શાસ્ત્રની શરૂઆતમાં શાસ્ત્રના કર્તા શ્રી કુંદકુંદાચાર્યદેવે અસાધારણ માંગલિક કર્યું છે, અવિચ્છિન્ન અખંડ માંગલિક કર્યું છે. માંગલિક તેને કહેવાય કે જે પાપનો (બંધનને—પુણ્ય-પાપ બન્ને બંધન છે તેનો) નાશ કરે અને આત્માની શાંતિને આપે. આ માંગલિક સાધારણ નથી. લૌકિક માંગલિક જેવું આ માંગલિક નથી પણ વિશેષ છે; આ માંગલિકમાં જ એવી શક્તિ છે કે જે જીવ સ્વરૂપને અનાદિથી લાગેલા કર્મમળ—પાપનો (આઠે કર્મો પાપ છે, તીર્થંકર પ્રકૃતિનો સમાવેશ પણ તેમાં થઈ જાય છે.) નાશ કરી આત્માની પવિત્રતાને—સ્વરૂપના આનંદરૂપી સુખને પ્રાપ્ત કરાવી શકે છે, તેથી અસાધારણ છે. અર્થાત્ આ માંગલિક એક જ પ્રકારનું છે કે જે આત્માના સુખને જ આપે, આ સિવાય બીજું માંગલિક આત્મ-સુખ આપી શકે નહીં.

ગાથાનો સંક્ષેપ અર્થ :—આ ગાથામાં કુંદકુંદાચાર્ય નમસ્કાર કરે છે. કોને નમસ્કાર કરે છે? કે અનંત કેવળજ્ઞાન અને અનંત કેવળદર્શન જેને પ્રગટ્યાં છે એવા શ્રી જિનેન્દ્ર વીર ભગવાનને પહેલાં નમસ્કાર કર્યા છે અને પ્રતિજ્ઞા કરી છે કે કેવળી તથા શ્રુતકેવળીઓએ કહેલા આ નિયમસાર પરમાગમને હું કહીશ.

**હે મુનિપ્રવર! તું ચિર વસ્યો બહુ જનનીના ગર્ભોપણે**
**નિકૃષ્ટમળભરપૂર, અશુચિ, બીભત્સ ગર્ભાશય વિષે. ૧૭. —શ્રી ભાવપ્રાભૃત**

વિશેષ અર્થ :–જિન એટલે શું? જેમાં જન્મ-મરણરૂપી ઝાડ ઉત્પન્ન થાય છે એવા સંસારવનમાં રખડાવનાર રાગ-દ્વેષ-મોહ આદિ સમસ્ત વિભાવભાવ જેણે જીત્યા છે તે જિન છે. 'જિન' એ શબ્દ ગુણવાચક છે, કોઈનું નામ જિન આપી દીધું હોય તેથી તે ખરેખર 'જિન' નથી.

'વીર' :—(વીરયતે) કર્મરૂપી શત્રુઓને વીર્યદ્વારા જે પરાસ્ત (નાશ) કરે તે વીર છે. અહીં કર્મનો નાશ કરે છે એમ નિમિત્તથી બોલાય, ખરેખર ભાવકર્મનો નાશ કરે છે અને ભાવકર્મ નાશ થતાં દ્રવ્યકર્મ તેના કારણે સ્વયં નાશ પામે છે.

ચોવીસમાં તીર્થંકરના પાંચ નામો પ્રસિદ્ધ છે :—

૧—શ્રી વર્દ્ધમાન =પુરુષાર્થ દ્વારા જેણે ગુણની વૃદ્ધિ કરી છે;

૨—સન્મતિનાથ=ખોટી બુદ્ધિનો નાશ કરી જેણે સુમતિ પ્રગટ કરી છે;

૩—અતિવીર=વીરતામાં(પુરુષાર્થમાં) અતિશયપણું છે;

૪—મહાવીર=પુરુષાર્થમાં મહાનપણું છે;

૫—વીર=પુરુષાર્થ દ્વારા રાગાદિને જીતી લીધા છે;

એવા શ્રી વર્ધમાનસ્વામી જ પરમેશ્વર છે, મહાદેવાધિદેવ છે. પુણ્યના ફળરૂપી સ્વર્ગના દેવો, તેના દેવ શ્રી ગણધર અને તેના પણ દેવ એટલે મહાદેવાધિદેવ એવું વિશેષણ વાપર્યું છે.

પોતાના કેવળજ્ઞાન–કેવળદર્શનથી નિર્મળ અવસ્થારૂપે પૂર્ણ થઈને (સ્વભાવે તો બધા પૂર્ણ છે, પણ તેનાથી પૂર્ણ જણાય નહીં; તેથી કહ્યું કે પર્યાયમાં પૂર્ણ થઈને) ત્રણ કાળ ત્રણ લોકના ચરાચર પદાર્થોની બધી પર્યાયોને એક સાથે એક સમયમાં જાણનાર છે. આ કહેવાનો અહીં એવો આશય છે કે જે બધું જાણનાર–દેખનાર તથા વીતરાગ હોય તે જ આપ્ત પુરુષ આગમના ધણી અને સત્ય વક્તા હોઈ શકે; એવા વીતરાગનું જ કથન સત્યકલ્યાણકારી છે; એ સિવાય જે આત્માને સર્વજ્ઞપણું કે સર્વદર્શીપણું પ્રગટ્યું નથી તે સાચી વાત–પૂરૂં સ્વરૂપ કહી શકે નહીં. જે ઓછા જ્ઞાનવાળો હોય કે કોઈ પણ પ્રકારે રાગાદિનો પક્ષ હોય તે કદાપિ કલ્યાણકારી ઉપદેશ આપી શકે નહીં. આત્માના કલ્યાણસ્વરૂપનું ઉપદેશકપણું (પરમ હિતોપદેશીપણું) તો પરમ ઔદારિક શરીરના ધારણ કરનારા એવા શ્રી કેવળજ્ઞાનીને જ હોઈ શકે. જે લોકભય કે લોક-અપમાનથી ડરી જાય તે આત્માના નિર્ભય સ્વરૂપમાં કેમ ઊભો રહી શકશે?

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૧ ઉપર)

**જન્મો અનંત વિષે અરે! જનની અનેરી અનેરીનું**
**સ્તનદૂધ તેં પીધું મહાયશ! ઉદધિજળથી અતિ ઘણું. ૧૮.** —શ્રી ભાવપ્રાભૃત



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## ૧. અધ્રુવ અનુપ્રેક્ષા

અધ્રુવ ભાવનાનું વર્ણન ચાલે છે, તેમાં શરીરાદિનું અનિત્યપણું બતાવે છે :—

**जन्म मरणेन समं सम्पद्यते यौवनं जरासहितम् ।**
**लक्ष्मीः विनाशसहिता इति सर्वं भंगुरं जानीहि ।।५।।**

**અર્થ** :—હે ભવ્ય! આ જન્મ છે તે તો મરણ સહિત છે, યૌવન છે તે વૃદ્ધાવસ્થા સહિત ઊપજે છે અને લક્ષ્મી છે તે વિનાશ સહિત ઊપજે છે;—આ પ્રમાણે સર્વ વસ્તુને ક્ષણભંગુર જ જાણ! ૫.

હે ભવ્ય! ભાવના તો જ્ઞાનાનંદ નિત્ય સ્વભાવની કરવાની છે; અનિત્ય ભાવનાનો અર્થ એમ નથી કે પોતાને અનિત્યપણે ભાવવો. 'હું તો નિત્ય જ્ઞાનાનંદ સ્વભાવ છું'—એવી ભાવનાપૂર્વક પર પ્રત્યે વૈરાગ્ય હોય છે એટલે આ શરીરાદિ અનિત્ય છે—એમ અનિત્ય ભાવના ભાવે છે, તેથી ધર્મીને પર પ્રત્યે એકત્વબુદ્ધિથી હર્ષ-શોક થતા નથી.

જગતમાં જેટલી અવસ્થાઓ ઊપજે છે તે બધી પ્રતિપક્ષ સહિત છે. એટલે કે જેનો જન્મ થયો તેનો નાશ થાય જ છે, જેનો સંયોગ થયો તેનો વિયોગ થઈ જાય છે. આમ જાણે તો સંયોગ-વિયોગના કારણે હર્ષ-શોક થાય નહિ. બાળકનો જન્મ થયો ત્યારથી જ મરણને ભેગું લાવ્યો છે.

દેહનો જન્મ થતાં હું ઊપજ્યો એમ માનીને પર્યાયબુદ્ધિથી હર્ષ કરે તે મિથ્યાદષ્ટિનો હર્ષ છે. દેહનો વિયોગ થાય ત્યાં પણ જ્ઞાનીને નિત્ય સ્વભાવની જ ભાવના હોવાથી પર્યાયબુદ્ધિનો શોક તેને થતો નથી.

સમ્યગ્દષ્ટિને તો અખંડ દ્રવ્યની જ રુચિ અને ભાવના છે. નિત્ય સ્વરૂપના આશ્રયપૂર્વક તે એવી અનિત્યભાવના ભાવે છે કે આ જન્મ તો ક્ષણિક છે, જન્મ થયો તે મરણ સહિત છે અને પર્યાયમાં ક્ષણિક રાગ-દ્વેષ થાય છે, તે મારું નિત્ય સ્વરૂપ નથી પણ ક્ષણિક છે. તે રાગ-દ્વેષ પરને

**તુજ મરણથી દુઃખાર્ત બહુ જનની અનેરી અનેરીનાં**
**નયનો થકી જળ જે વહ્યાં તે ઉદધિજળથી અતિ ઘણાં. ૧૯. —શ્રી ભાવપ્રાભૃત**

કારણે થયા નથી ને મારા સ્વભાવથી પણ થયા નથી. તે ક્ષણિક પર્યાય છે—આમ જાણતો ધર્મી તે વિકારની ભાવના કરતો નથી.

જન્મ થાય ત્યાં તેને જ સ્થિર જાણીને અજ્ઞાની હર્ષ કરે છે. સ્થિર તો પોતાનું આત્મદ્રવ્ય છે, તેનું જેને ભાન નથી એવો અજ્ઞાની જીવ પર્યાયમાં જ સ્થિરતાની બુદ્ધિ કરીને રાગ કરે છે. પુત્રનો જન્મ થાય ત્યાં તે પુત્રના જન્મના કારણે રાગ માનતા નથી. રાગ થવો તે ચારિત્રગુણની વિપરીત પર્યાય છે. ધર્મી તેનો જાણનાર રહે છે. રાગ વખતે રાગના અભાવરૂપ જ્ઞાનનું પરિણમન છે એટલે કે રાગ સાથે એકત્વબુદ્ધિથી ધર્મીને રાગ થતો નથી. 'અહો! આ દેહનો સંયોગ અનિત્ય છે!'–એમ ધર્મી ચિંતવે છે. તેમાં વિકલ્પની મુખ્યતા નથી, કેમ કે પર્યાયબુદ્ધિથી રાગ થતો નથી. જેને પર્યાયબુદ્ધિ છે, તે પર્યાયને નિત્ય રાખવા માગે છે–તે મિથ્યાબુદ્ધિ છે. ધર્મી જીવ તો નિત્ય-સ્વભાવની દૃષ્ટિ સાથે રાખીને પર્યાયોને અનિત્યપણે ભાવે છે; એટલે નિત્ય સ્વભાવની ભાવનાથી ક્ષણે-ક્ષણે વીતરાગતા વધતી જાય છે, આનું નામ ખરી ભાવના છે. ધર્મીએ જ્ઞાનસ્વભાવને જાણ્યો છે–તેની જ તેને મુખ્ય ભાવના વર્તે છે.

જુઓ ભાઈ! ધર્મીને પર સંયોગની તો ભાવના નથી અને ખરેખર જ્ઞાની પરને દેખતો નથી; પણ ધર્મીની દૃષ્ટિમાં તો અખંડ જ્ઞાનસ્વભાવની જ મુખ્યતા છે. પહેલાંની પર્યાયને પણ તે મુખ્યપણે જોતો નથી.

આત્માને કેવળજ્ઞાન થતાં તેમાં લોકાલોક એક સાથે જણાય છે ને સદાય તે જ્ઞાનમાં લોકાલોક જણાયા જ કરે છે એટલે ત્યાં જ્ઞેય-જ્ઞાયકનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સરખો રહ્યા કરે છે. અહીં કેવળજ્ઞાનની એકરૂપ ધારા છે અને એને જ્ઞેયપણે લોકાલોક સદાય રહ્યા કરે છે પણ છદ્મસ્થને જ્ઞાનપર્યાય ક્ષણે-ક્ષણે બીજા-બીજા જ્ઞેયોને જાણવારૂપે પલટી જાય છે. નવી-નવી પર્યાય પલટે છે. તે પર્યાય તે કાળના જ્ઞાનને અને તે તે કાળના જ્ઞેયને જાણે છે એટલે તે જ્ઞાન અને જ્ઞેયનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એકસરખો રહેતો નથી. સ્વભાવના આશ્રયે પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટે તે સદા એવું ને એવું ટકી રહે છે. નીચલી દશામાં જ્ઞાનપર્યાય પ્રગટી તે પણ પોતાથી જ છે. તે જ્ઞાન જ્ઞેયને લીધે નથી ને રાગને લીધે પણ નથી. મારું જ્ઞાન મારે લઈને અને પરની પર્યાય પરને લઈને–એવું ભાન હોવાથી ધર્મીને પર્યાયના ફેરફારે હર્ષ-શોક થતા નથી પણ સ્વભાવની ભાવના કરતાં એકાગ્રતા અને સંવર વધતા જાય છે. અજ્ઞાનીને પર સંયોગને લીધે હર્ષ-શોકની માન્યતાને લીધે આસ્રવ વધતો જાય છે.

જન્મ થતાં તેને સ્થિર માનીને અજ્ઞાની હર્ષ કરે છે પણ અનિત્યતાને તે જાણતો નથી

નિઃસીમ ભવમાં ત્યક્ત તુજ નખ-નાળ-અસ્થિ-કેશને
સુર કોઈ એકત્રિત કરે તો ગિરિઅધિક રાશિ બને. ૨૦. —શ્રી ભાવપ્રાભૃત

અને મરણ થતાં તેનો સર્વથા નાશ માનીને અજ્ઞાની શોક કરે છે, પણ ભાઈ! પર્યાય પલટવાનો તો જગતનો સ્વભાવ છે. કાંઈ જગતમાંથી જીવ કે અજીવ વસ્તુનો નાશ થઈ જતો નથી. વસ્તુ કાંઈ ઊપજતી કે નાશ પામતી નથી પણ તેની ઉત્તર પર્યાય ઊપજે ને પૂર્વ પર્યાય નાશ પામે છે. તે પર્યાયની ઉત્પત્તિ અને વિનાશ દેખીને અજ્ઞાની વસ્તુની જ ઉત્પત્તિ કે વિનાશ માનીને હર્ષ-શોક કરે છે કેમકે પર્યાયના અનિત્ય સ્વભાવને તે જાણતો નથી તેથી તેને મિથ્યાત્વ સહિતનો હર્ષ-શોક છે.

ઈષ્ટ પદાર્થનો સંયોગ થવો કે વિયોગ થવો તથા અનિષ્ટ પદાર્થનો સંયોગ થવો કે વિયોગ થવો– તે તો પર પદાર્થની પર્યાયનો ધર્મ છે. આ જીવને કારણે તેનો સંયોગ કે વિયોગ થતો નથી. ધર્મી તો જાણે છે કે પર ચીજનો સંયોગ કે વિયોગ તે પોતાને આધીન નથી ને તે પર ચીજના સંયોગ-વિયોગના કારણે મને હર્ષ-શોક થતો નથી. સંયોગ કે વિયોગ તે બન્ને ક્ષણિક પર્યાયનો ધર્મ છે. હું તો અસંયોગી ચૈતન્યતત્ત્વ છું–એમ નિત્ય-સ્વભાવની ભાવનાપૂર્વક ધર્મીજીવ સંયોગોની અનિત્યતાની ભાવના ભાવે છે.

અજ્ઞાનીને ધ્રુવ જ્ઞાનસ્વભાવની ભાવના નથી એટલે ક્ષણિક સંયોગ-વિયોગમાં જ તે હર્ષ-શોક કરે છે. જગતના પદાર્થો તો તેના પર્યાયધર્મ પ્રમાણે બદલાયા જ કરે છે, ત્યાં “આ સંયોગ મને ઈષ્ટ અને આ સંયોગ મને અનિષ્ટ” એમ માની તેની પર્યાયમાં અજ્ઞાની હર્ષ-શોક કરે છે.

બંદૂકની ગોળી આવે ત્યાં “હાય! હાય!” કરીને અજ્ઞાનીને શોક થાય છે ને ગોળીથી બચી જાય ત્યાં ‘હાશ’ કરીને હર્ષ કરે છે; સંયોગ-વિયોગમાં જ તેણે સર્વસ્વ માની લીધું છે. પણ મારા ધ્રુવ ચૈતન્યસ્વભાવમાં પરનો સંયોગ-વિયોગ છે જ નહિ એવું તેને ભાન નથી એટલે તેને સંયોગમાં એકત્વબુદ્ધિથી રાગ-દ્વેષ થાય છે, માટે નિત્ય જ્ઞાનાનંદસ્વભાવને જાણીને, સંયોગ-વિયોગ તે અનિત્ય છે—એમ ભાવના ભાવીને સમતારૂપ રહેવું. (ક્રમશઃ) ✻

---

(અનુસંધાન પેજ નં. ૮ થી ચાલુ)

કોઈ કહે કે—પહેલાં રોટલાની સગવડ કરીને પછી ધર્મ કરીશું—તો સાતમી નરકે અસંખ્ય અબજ વર્ષ સુધી ચોખાનો દાણો કે પાણીનું ટીપું નથી મળતું તથા બધી બાહ્ય અગવડતાનો પાર નથી, છતાં ત્યાં ધર્મ (આત્મભાન) પામી શકે છે અને અહીં તો કહે– પહેલાં રોટલા વગેરેની બધી સગવડતા કર્યા પછી ધર્મ કરું! પણ અગવડતામાંય ધર્મ થઈ શકે છે. આત્માને અગવડતા કેવી? હવે તીર્થંકર કેવા હોય? તેનું સ્વરૂપ કહેવાશે. *(ક્રમશઃ)*

**જલ-થલ-અનલ-પવને, નદી-ગિરિ-આભ-વન-વૃક્ષાદિમાં**
**વણ આત્મવશતા ચિર વસ્યો સર્વત્ર તું ત્રણ ભુવનમાં. ૨૧. —શ્રી ભાવપ્રાભૃત**

# સર્વજ્ઞદેવની શ્રદ્ધાપૂર્વક શ્રાવકધર્મ

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

શ્રાવકને પ્રથમ તો ભગવાન સર્વજ્ઞદેવની અને તેમનાં વચનોની ઓળખાણ તથા શ્રદ્ધા હોય. સર્વજ્ઞના સ્વરૂપમાં અને તેમના વચનમાં જેને ભ્રમ હોય તે તો મિથ્યાત્વના મહા પાપમાં પડેલો છે, તેને દેશવ્રત કે શ્રાવકપણું હોય નહિ......તે વાત કહે છે.

(शार्दूलविक्रीडित)

बाह्याभ्यन्तरसंगवर्जनतया ध्यानेन शुक्लेन यः
कृत्वा कर्मचतुष्टयक्षयमगात् सर्वज्ञतां निश्चिताम् ।
तेनोक्तानि वचांसि धर्मकथने सत्यानि नान्यानि तत्
भ्राम्यत्यत्र मतिस्तु यस्य स महापापी न भव्योऽथवा ।।१।।

અર્થ :—જે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ છોડીને તથા શુક્લ ધ્યાન દ્વારા ચાર ઘાતી કર્મોનો નાશ કરીને નિશ્ચયથી સર્વજ્ઞતાને પ્રાપ્ત થયા છે તેમના દ્વારા ધર્મના વ્યાખ્યાનમાં કહેવામાં આવેલ વચનો સત્ય છે, એનાથી ભિન્ન રાગ-દ્વેષથી દૂષિત હૃદયવાળા કોઈ અલ્પજ્ઞના વચનો સત્ય નથી. તેથી જે જીવની બુદ્ધિ ઉક્ત સર્વજ્ઞના વચનોમાં ભ્રમને પ્રાપ્ત થાય છે તે અતિશય પાપી છે અથવા તે ભવ્ય જ નથી. ૧.

દેશવ્રતરૂપ શ્રાવકધર્મનું વર્ણન કરતાં સૌથી પહેલાં કહે છે કે સર્વજ્ઞદેવે કહેલું ધર્મનું સ્વરૂપ જ સત્ય છે, એ સિવાય બીજાનું કહેલું સત્ય નથી,—એવી શ્રાવકને નિઃશંક શ્રદ્ધા હોવી જોઈએ; કેમકે ધર્મના મૂળ પ્રણેતા સર્વજ્ઞદેવ છે, તેનો જ જેને નિર્ણય નથી તેને ધર્મનો નિર્ણય થઈ શકે નહિ.

જે સર્વજ્ઞ થયા તે કેવી રીતે થયા?

'સમસ્ત બાહ્ય તથા અભ્યંતર પરિગ્રહને છોડીને અને શુક્લધ્યાન વડે ચાર ઘાતિકર્મોનો નાશ કરીને સર્વજ્ઞપણું પ્રાપ્ત કર્યું.' જુઓ, શુક્લધ્યાન કહો કે શુદ્ધોપયોગ કહો તેના વડે કર્મોનો ક્ષય થઈને સર્વજ્ઞતા પ્રગટે છે, પણ બહારના કોઈ સાધન વડે કે રાગના અવલંબન વડે કાંઈ સર્વજ્ઞતા પ્રગટતી નથી. મોક્ષમાર્ગપ્રકાશકના મંગલાચરણમાં પણ

ભક્ષણ કર્યાં તેં લોકવર્તી પુદ્ગલોને સર્વને,
ફરી ફરી કર્યાં ભક્ષણ છતાં પામ્યો નહીં તું તૃપ્તિને. ૨૨. —શ્રી ભાવપ્રાભૃત

અરિહંતદેવને નમસ્કાર કરતાં પં. શ્રી ટોડરમલ્લજીએ કહ્યું છે કે—'જે ગૃહસ્થપણું છોડી, મુનિધર્મ અંગીકાર કરી, નિજસ્વભાવસાધન વડે ચાર ઘાતિકર્મોનો ક્ષય કરી અનંતચતુષ્ટયરૂપે બિરાજમાન થયા છે એવા શ્રી અરિહંતદેવને અમારા નમસ્કાર હો.' મુનિધર્મ કેવો? કે શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ; તે અંગીકાર કરીને, નિજ સ્વભાવસાધન વડે ભગવાને કર્મોનો ક્ષય કર્યો; કોઈ બહારના સાધન વડે કે રાગના સાધન વડે નહિ પણ નિશ્ચય રત્નત્રયરૂપ નિજસ્વભાવના સાધન વડે જ ભગવાને કર્મોનો ક્ષય કર્યો. આથી વિપરીત સાધન માને તો તેણે ભગવાનના માર્ગને જાણ્યો નથી, ભગવાનને ઓળખ્યા નથી. ભગવાનને ઓળખીને નમસ્કાર કરે તો જ સાચા નમસ્કાર કહેવાય.

અહીં પ્રથમ જ કહ્યું કે બાહ્ય-અભ્યંતર સંગને છોડીને શુક્લધ્યાનથી પ્રભુ કેવળજ્ઞાન પામ્યા; એટલે કોઈ જીવ ઘરમાં રહીને કે બાહ્યમાં વસ્ત્રાદિનો સંગ રાખીને કેવળજ્ઞાન પામી જાય એમ બનતું નથી. અંતરમાં સંગમાં મિથ્યાત્વાદિ મોહ, તેને છોડ્યા વગર મુનિદશા કે કેવળજ્ઞાન થાય નહિ.

મુનિ થયા તેને પણ જે મહાવ્રતાદિનો રાગ છે તે કાંઈ કેવળજ્ઞાનનું સાધન નથી પણ શુદ્ધોપયોગરૂપ નિજસ્વભાવ તે જ કેવળજ્ઞાનનું સાધન છે, તેને જ મુનિધર્મ કહ્યો છે. અહીં ઉત્કૃષ્ટ વાત બતાવવી હોવાથી શુક્લધ્યાનની વાત લીધી છે. શુક્લધ્યાન શુદ્ધોપયોગી મુનિને જ હોય છે. કેવળજ્ઞાનના સાધનરૂપ જે આવો મુનિધર્મ, તેનું મૂળ સમ્યગ્દર્શન છે ને તે સમ્યગ્દર્શન સર્વજ્ઞદેવની તથા તેમના વચનોની ઓળખાણપૂર્વક થાય છે; તેથી અહીં શ્રાવકના ધર્મના વર્ણનમાં સૌથી પહેલાં જ સર્વજ્ઞદેવની ઓળખાણની વાત લીધી છે.

આત્માનું ભાન કરી, મુનિદશા પ્રગટ કરી, શુદ્ધોપયોગની ઉગ્ર શ્રેણી માંડીને જેઓ સર્વજ્ઞ થયા, તે સર્વજ્ઞ પરમાત્માનાં વચન જ સત્યધર્મનું નિરૂપણ કરનારા છે; આવા સર્વજ્ઞને ઓળખે ત્યાં આત્માના જ્ઞાનસ્વભાવની પ્રતીત થાય ને ત્યારે ધર્મની શરૂઆત થાય. સર્વજ્ઞની પ્રતીત જે નથી કરતો તેને આત્માની જ પ્રતીત નથી, ધર્મની જ પ્રતીત નથી; તેને તો શાસ્ત્રકાર 'મહાપાપી અથવા અભવ્ય' કહે છે. ધર્મ સમજવાની તેનામાં લાયકાત નથી માટે અભવ્ય કહ્યો. સર્વજ્ઞના સ્વરૂપમાં જેને સંદેહ છે, સર્વજ્ઞની વાણીમાં જેને સંદેહ છે સર્વજ્ઞ સિવાય બીજા કોઈ સત્યધર્મના પ્રણેતા નથી—એમ જે ઓળખતો નથી ને વિપરીતમાર્ગમાં દોડે છે તે જીવ મિથ્યાત્વરૂપ મહા પાપને સેવે છે. તેનામાં ધર્મને માટે લાયકાત નથી. આમ કહીને ધર્મના જિજ્ઞાસુને સૌથી પહેલાં સર્વજ્ઞની અને સર્વજ્ઞના માર્ગની ઓળખાણ કરવાનું કહ્યું.


પીડિત તૃષાથી તેં પીધાં છે સર્વ ત્રિભુવનનીરને,
તોપણ તૃષા છેદાઈ ના; ચિંતવ અરે! ભવછેદને. ૨૩. —શ્રી ભાવપ્રાભૃત

અરે, તું જ્ઞાનની પ્રતીત વગર ધર્મ ક્યાં કરીશ? રાગમાં ઊભા રહીને સર્વજ્ઞની પ્રતીત થતી નથી. રાગથી જુદો પડીને, જ્ઞાનરૂપ થઈને સર્વજ્ઞની પ્રતીત થાય છે. આ રીતે જ્ઞાનસ્વભાવના લક્ષપૂર્વક સર્વજ્ઞની ઓળખાણ કરીને તેમના અનુસાર ધર્મની પ્રવૃત્તિ થાય છે. સમકિતી જ્ઞાનીનાં જે વચન છે તે પણ સર્વજ્ઞ–અનુસાર છે કેમકે તેના હૃદયમાં સર્વજ્ઞદેવ બેઠા છે. જેના હૃદયમાં સર્વજ્ઞ ન હોય, તેનાં ધર્મવચન સાચાં હોય નહિ.

જુઓ, આ શ્રાવકના ધર્મનું પહેલું પગથિયું! અહીં શ્રાવકના ધર્મનું વર્ણન કરવું છે. સર્વજ્ઞદેવની ઓળખાણ તે શ્રાવકધર્મનું મૂળ છે. મુનિના કે શ્રાવકના જેટલા ધર્મો છે તેનું મૂળ સમ્યગ્દર્શન છે. સર્વજ્ઞની પ્રતીત વગર સમ્યગ્દર્શન ન હોય, ને સમ્યગ્દર્શન વગર શ્રાવકનાં દેશવ્રત કે મુનિનાં મહાવ્રત હોય નહિ. સમ્યગ્દર્શન સહિત દેશવ્રતવાળા શ્રાવક કેવા હોય તેનું સ્વરૂપ પ્રકાશે છે તેથી આ અધિકારનું નામ 'દેશવ્રતોદ્યોતન–અધિકાર' છે. સર્વજ્ઞદેવે જેવો આત્મસ્વભાવ પ્રગટ કર્યો ને જેવો વાણીમાં કહ્યો તેવા આત્માની અનુભવ સહિત નિર્વિકલ્પ પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન છે. સર્વજ્ઞ કેમ થયા ને તેમણે શું કહ્યું તેનું યથાર્થ જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. અજ્ઞાનીને તો સર્વજ્ઞ કેમ થયા તેના ઉપાયની પણ ખબર નથી ને સર્વજ્ઞદેવે શું કહ્યું તેની પણ ખબર નથી. અહીં તો કહે છે કે સર્વજ્ઞના માર્ગને જે ઓળખતા નથી ને વિપરીતમાર્ગને આદરે છે તેની મતિ ભ્રમિત છે, તે ભ્રમબુદ્ધિવાળો છે, મિથ્યાત્વરૂપ મહાપાપમાં તે ડૂબેલો છે. ગૃહસ્થનો ધર્મ પણ તેને હોતો નથી તો મુનિધર્મની વાત જ કેવી!

'બાહ્ય ને અંતરનો સર્વ સંગ છોડીને શુક્લધ્યાન વડે ભગવાન સર્વજ્ઞ થયા.' સમ્યગ્દર્શન ને આત્મભાન તો પહેલાં હતું, પછી મુનિ થતાં બહારનો સર્વ પરિગ્રહ છોડ્યો ને અંદરની અશુદ્ધતા છોડી. અશુદ્ધતા છોડી ત્યાં નિમિત્ત તરીકે બહારનો સંગ છોડ્યો-એમ કહેવાય છે. મુનિદશામાં સમસ્ત બાહ્યસંગનો ત્યાગ છે, દેહ ઉપર વસ્ત્રનો એક કટકો પણ હોતો નથી, ભોજન પણ હાથમાં જ લ્યે છે, જમીન પર સૂએ છે; અંદરમાં શુદ્ધોપયોગ આચરણ વડે અશુદ્ધતા અને તેના નિમિત્તો છૂટી ગયા છે. શુદ્ધોપયોગની ધારારૂપ જે શુક્લધ્યાન, તેના વડે સ્વરૂપને ધ્યેયમાં લઈને પર્યાયને તેમાં લીન કરી તેનું નામ ધ્યાન છે, તેના વડે ઘાતિકર્મોનો નાશ થઈને કેવળજ્ઞાન થયું છે. જુઓ, પહેલાં પર્યાયમાં અશુદ્ધતા હતી, જ્ઞાન–દર્શન અધૂરા હતા, મોહ હતો, તેથી ઘાતિકર્મો સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ હતો ને હવે શુદ્ધતા થતાં અશુદ્ધતા ટળતાં કર્મો સાથેનો સંબંધ છૂટી ગયો, જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય પરિપૂર્ણ પ્રગટી ગયા ને કર્મો નષ્ટ થયાં.–ક્યા ઉપાયથી? કે શુદ્ધોપયોગરૂપ ધર્મ વડે.—આ રીતે આમાં બધા તત્ત્વો આવી જાય છે; બંધ, મોક્ષ ને મોક્ષમાર્ગ એ બધું બતાવી દીધું. સર્વજ્ઞદેવે કહેલાં આવા તત્ત્વોનું સ્વરૂપ સમજે તેને જ શ્રાવકધર્મ પ્રગટે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૪ ઉપર)



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત—૫

અહો! આ અશરણ સંસારમાં જન્મની સાથે મરણ જોડાયેલું જ છે. આત્માની સિદ્ધિ ન સધાય ત્યાં સુધી જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું. આવા અશરણ સંસારમાં દેવ-ગુરુ-ધર્મનું જ શરણ છે. પૂજ્ય ગુરુદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી જાય—એ જ જીવનમાં કરવા જેવું છે. ૫.

**'અહો! આ અશરણ સંસારમાં જન્મની સાથે મરણ જોડાયેલું જ છે.'**

આ આત્મા પોતે પ્રભુ—શુદ્ધ ચૈતન્યવસ્તુ—હોવા છતાં તેને અનાદિથી પર્યાયમાં સંસારની અસ્તિ છે, સંસાર નથી એમ નથી. આ અશરણ સંસારમાં સંયોગ થયો તેનો વિયોગ થાય; જન્મ—દેહનો સંયોગ—થયો તેને મરણ—દેહનો વિયોગ—થશે જ. ખરેખર આત્મા કાંઈ જન્મતો નથી પણ અજ્ઞાનને લીધે અનાદિથી પર્યાયમાં જન્મ ને મરણની કતાર લાગી છે. અનાદિ ભૂતકાળમાં કોઈ એક સમય પણ ભવ વિનાનો ગયો નથી. જેમ કન્યા પહેલાં પિયરમાં રહે છે તેમ, શાસ્ત્રમાં કહ્યું છે કે જીવ અનંત કાળ નિગોદમાં રહ્યો છે.

**'આત્માની સિદ્ધિ ન સધાય ત્યાં સુધી જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું.'**

અહો! આ અશરણ સંસારમાં જન્મ ને મરણનું ચક્ર અનાદિ કાળથી ચાલ્યા જ કરે છે;—જ્યાં સુધી આત્માની સિદ્ધિ નહિ કરે ત્યાં સુધી. અહા! આત્મા પોતે તો જન્મ-મરણ ને જન્મ-મરણના ભાવ વિનાની ચીજ છે. તેનું શરણ નહિ લે તો આત્માની સિદ્ધિ સધાશે નહિ. ભગવાન નિજ આત્માની સિદ્ધિ સાધશે નહિ ત્યાં સુધી આ અશરણ સંસારમાં જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું. એક શ્વાસપ્રમાણ કાળમાં નિગોદના અઢાર ભવ! તેને, તેને યોગ્ય મંદ-તીવ્ર ભાવ હોય છે છતાં તે બધા છે ભવ-ભાવ. અશુભથી ટેવાઈ ગયો, શુભમાં આવ્યો—તેમાં પણ ટેવાઈ ગયો, પણ છે એ બધો સંસાર. શુભ-અશુભ તથા તેના ફળ તરીકે ભવ—એનું ચક્ર ચાલ્યા જ કરે છે.

**'આવા અશરણ સંસારમાં દેવ-ગુરુ-ધર્મનું જ શરણ છે.'**

**હે ધીર! હે મુનિવર! ગ્રહ્યાં-છોડ્યાં શરીર અનેક તેં,**
**તેનું નથી પરિમાણ કંઈ નિઃસીમ ભવસાગર વિષે. ૨૪. —શ્રી ભાવપ્રાભૃત**

સાચા દેવ-ગુરુ-ધર્મ તેનું વ્યવહારે શરણ છે; પહેલાં તેવું નિમિત્ત મળે છે માટે તે વ્યવહારે શરણ છે. પછી, બેને નામ દઈને પોતાના વિનયથી કહ્યું છે કે—

**'પૂજ્ય ગુરુદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી જાય—એ જ જીવનમાં કરવા જેવું છે.'**

અહા! અંદર ચૈતન્યપ્રકાશનો પુંજ છે પ્રભુ, તેનું લક્ષ કરીને—પર્યાય ને રાગની એકત્વબુદ્ધિ છે તે છોડી દઈને—ચૈતન્યસ્વરૂપમાં અંદર આવ. હું ચૈતન્ય જ્ઞાયક...ચૈતન્ય જ્ઞાયક, પર્યાય નહિ ને રાગ નહિ—એમ ચૈતન્યને લક્ષમાં લઈને, વર્તમાન ધ્યાનપર્યાયમાં ચૈતન્યને ધ્યેય બનાવીને, તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી જાય—વારંવાર અંદર જાય ને ચૈતન્યના સંસ્કાર દૃઢ થાય એ જ જીવનમાં કરવા જેવું છે. શું વ્યવહાર કરવા જેવો છે? પહેલાં બતાવ્યું કે દેવ-ગુરુ-ધર્મનું શરણ નિમિત્તભૂત છે; પરંતુ પછી બતાવે છે ચૈતન્યશરણને. દેવ-ગુરુ-ધર્મ બતાવે છે ચૈતન્યને; માર્ગ બતાવે છે કે ચૈતન્યનું લક્ષ કર. પૂર્ણસ્વરૂપ ભગવાન આત્માને દૃષ્ટિગત—લક્ષગત—કરીને તેના દૃઢ સંસ્કાર આત્મામાં પાડ. અનાદિથી રાગ ને પર્યાયના દૃઢ સંસ્કાર પડ્યા છે, ત્યાંથી દૃષ્ટિ ફેરવીને ચૈતન્યમય નિજ પ્રભુના પાકા સંસ્કાર પાડ; જેથી તને આત્મા ભવિષ્યમાં પ્રાપ્ત થઈ જશે જ. ચૈતન્યવસ્તુ ભગવાન આત્માને લક્ષગત કરીને–તેની સાથે દોર બાંધીને—તેના અંદર સંસ્કાર પાડવા, એ જ જીવનમાં કરવા જેવું છે.

લોકોને આ વાત નિશ્ચયની લાગે; પણ ભાઈ! પૂજા કરવી, મંદિર કરવા, ગજરથ કાઢવા, શિક્ષણશિબિર કરવા—આ બધા વિકલ્પ વચ્ચે ભલે હો પણ ચૈતન્યને લક્ષગત કરી ખૂબ પાકા સંસ્કાર પડી જાય—નિજ શુદ્ધ આત્માની અનુભવમાં પ્રાપ્તિ થાય—એ જ આ દુર્લભ મનુષ્યભવમાં કરવા જેવું છે. કોઈને આ વાત ન બેસે તો શું કરીએ? અરેરે! મૂળ વસ્તુ દૂર રહી જાય છે; જેને જોવું-જાણવું જોઈએ તે જ રહી જાય છે. અંદર જાણનારને જાણવો જોઈએ; એ જાણવું રહી જાય છે ત્યાં સુધી જીવ બહારમાંથી પાછો ખસે નહિ.

આત્મા જાણનારો....જાણનારો....જાણનારો....જાણવાલાયક વસ્તુ છે. તેને અંદર અનુભવથી જાણવો એ જ જીવનનું કર્તવ્ય છે. એમાં રસ ન આવે ત્યાં સુધી જીવ બહારના રસથી છૂટે નહિ. 'રુચિ અનુયાયી વીર્ય.' જ્યાં રુચિ હોય ત્યાં અનંત અનંત કાળ એમ ને એમ ગાળ્યો છે. ત્યાં કોઈ શરણ થયું નથી. અંદર જે શરણ છે તેને લક્ષગત કર્યું નથી ને જે શરણ નથી તેને લક્ષગત કરીને પરિભ્રમણ—જન્મ-મરણનાં ચક્ર—ઊભાં કર્યાં છે. જુઓને! નાની નાની ઉંમરમાં દેહ છૂટી જાય છે. આયુષ્યનો શો ભરોસો? માટે જીવનમાં શીઘ્ર આત્મહિત કરી લેવા જેવું છે.



# અધ્યાત્મયુગસ્રષ્ટા ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## (સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન)

(ગતાંકથી ચાલુ)

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાનને સમ્યક્પણાની મહોર તો ઘણા વખતથી પડી હતી. તે સુધાસ્યંદી સમ્યગ્જ્ઞાન સોનગઢના વિશેષ નિવૃત્તિવાળા સ્થળમાં અદ્ભુત સૂક્ષ્મતાને પામ્યું; નવી નવી જ્ઞાનકળા ખૂબ ખીલી. અમૃતકળશમાં જેમ અમૃત ઘોળાતાં હોય તેમ ગુરુદેવના પરમ પવિત્ર અમૃતકળશસ્વરૂપ આત્મામાં તીર્થંકરદેવનાં વચનામૃતો ખૂબ ઘોળાયાં—ઘૂંટાયાં. એ અંદર ઘૂંટાયેલાં અમૃત કૃપાળુ ગુરુદેવ હજારો મુમુક્ષુઓને પ્રવચનમાં પીરસતા ને ન્યાલ કરતા.

સમયસાર, પ્રવચનસાર, નિયમસાર વગેરે શાસ્ત્રો પર પ્રવચન આપતાં ગુરુદેવના શબ્દે શબ્દે ઘણી ગહનતા, સૂક્ષ્મતા અને નવીનતા નીકળતી, જેથી શ્રોતાઓ શાસ્ત્રના મર્મ સુગમતાથી સમજી શકતા. જે અનંત જ્ઞાન ને આનંદમય પૂર્ણ દશા પ્રાપ્ત કરીને તીર્થંકરદેવે દિવ્યધ્વનિ દ્વારા વસ્તુસ્વરૂપ નિરૂપ્યું, તે પરમ પવિત્રદશાનો સુધાસ્યંદી સ્વાનુભૂતિસ્વરૂપ પવિત્ર અંશ પોતાના આત્મામાં પ્રગટ કરીને સદ્ગુરુદેવે પોતાની વિકસિત જ્ઞાનપર્યાય દ્વારા શાસ્ત્રમાં રહેલાં ગૂઢ રહસ્યો સમજાવીને મુમુક્ષુઓ પર મહાન મહાન ઉપકાર કર્યો છે. ગુરુદેવની વાણી સાંભળી સેંકડો શાસ્ત્રોના અભ્યાસી વિદ્વાનો પણ આશ્ચર્યચકિત થઈ જતા અને ઉલ્લાસમાં આવીને કહેતા : ‘ગુરુદેવ! આપનાં પ્રવચન અપૂર્વ છે; તેનું શ્રવણ કરતાં અમને તૃપ્તિ જ થતી નથી. આપ ગમે તે વાત સમજાવો તેમાંથી અમને નવું નવું જ જાણવાનું મળે છે. નવ તત્ત્વનું સ્વરૂપ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું સ્વરૂપ, સ્યાદ્વાદનું સ્વરૂપ કે સમ્યક્ત્વનું સ્વરૂપ, નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ કે વ્રતતપનિયમનું સ્વરૂપ, ઉપાદાન-નિમિત્તનું સ્વરૂપ કે સાધ્ય-સાધનનું સ્વરૂપ, દ્રવ્યાનુયોગનું સ્વરૂપ કે ચરણાનુયોગનું સ્વરૂપ, ગુણસ્થાનનું સ્વરૂપ કે બાધક-સાધકભાવનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ કે કેવળજ્ઞાનનું સ્વરૂપ—જે જે વિષયનું સ્પષ્ટીકરણ આપના મુખે અમે સાંભળીએ છીએ તેમાં અમને અપૂર્વ ભાવો દષ્ટિગોચર થાય છે. આપના શબ્દે શબ્દે વીતરાગદેવનું હૃદય પ્રગટ થાય છે.’

પ્રત્યેક અંગુલ છન્નું જાણો રોગ માનવદેહમાં;
તો કેટલા રોગો, કહો, આ અખિલ દેહ વિષે, ભલા! ૩૭. —શ્રી ભાવપ્રાભૃત



પૂજ્ય ગુરુદેવની પ્રવચનશૈલી પણ અદ્ભુત હતી. કઠિન ગણાતા અધ્યાત્મવિષયને પણ ખૂબ સ્પષ્ટતાથી, અનેક સાદા દાખલાઓ આપી, શાસ્ત્રીય શબ્દોનો બહુ જૂજ પ્રયોગ કરીને ઘરગથુ ભાષામાં સમજાવતા કે જેથી ઓછું ભણેલો સામાન્ય મનુષ્ય પણ સહેલાઈથી સમજી જાય. ગુરુદેવ પ્રવચન કરતાં કરતાં અધ્યાત્મમાં એવા મગ્ન થઈ જતા, પરમાત્મદશા પ્રત્યેની અગાધ ભક્તિ તેમના મુખારવિંદ પર એવી તરતી કે શ્રોતાઓને પણ તેની અસર થતી. અધ્યાત્મની જીવંતમૂર્તિ ગુરુદેવના દેહના અણુએ અણુમાંથી જાણે અધ્યાત્મરસ નીતરતો હોય એવી ચમત્કારભરી તેમની પ્રતિભા હતી. પૂજ્ય ગુરુદેવનું પ્રવચન સાંભળનારને એટલું તો સ્પષ્ટ લાગતું કે 'આ પુરુષ કોઈ જુદી જાતનો છે; જગતથી એ કાંઈક જુદું જ કહે છે, અપૂર્વ કહે છે; એના કથન પાછળ કોઈ અજબ દૃઢતા ને જોર છે. આવું બીજે ક્યાંય સાંભળ્યું નથી.' અહા! આ કળિકાળમાં, અંદરમાં આવું અલૌકિક પવિત્ર પરિણમન—કેવળજ્ઞાનનો અંશ અને બહારમાં આવો પ્રબળ પ્રભાવના ઉદય—તીર્થંકરત્વનો અંશ, એ બેનો સુયોગ જોઈને મુમુક્ષુઓનાં હૃદયો નાચી ઊઠતાં.

અહો! એ પરમ પ્રભાવક અધ્યાત્મમૂર્તિ ગુરુદેવની મોહવિનાશિની વજ્રવાણીની તો શી વાત, તેમનાં દર્શન પણ મહાપુણ્યના થોક ઊછળે ત્યારે પ્રાપ્ત થાય! એ અધ્યાત્મમસ્ત મહાપુરુષની સમીપમાં સંસારનાં આધિ-વ્યાધિ-ઉપાધિ ફરકી શકતાં નહોતાં. સંસારતપ્ત પ્રાણીઓને તેમના પવિત્ર સમાગમમાં પરમ વિશ્રાંતિ મળતી. જે વૃત્તિઓ મહા પ્રયત્ને પણ દબાતી નથી તે પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યમાં આપોઆપ શમી જાય છે—એવો અનુભવ ઘણા મુમુક્ષુઓને થતો. આત્માનું નિવૃત્તિમય સ્વરૂપ, મોક્ષનું સુખ વગેરે આધ્યાત્મિક ભાવોની જે શ્રદ્ધા અનેક દલીલોથી થતી નથી તે ગુરુદેવનાં દર્શન તથા સમાગમે સહજમાત્રમાં થઈ જતી. એ રીતે પૂજ્ય ગુરુદેવનાં સ્વાનુભવરસઝરતાં પવિત્ર જ્ઞાન ને ચારિત્રે મુમુક્ષુઓ પર મહાકલ્યાણકારી અનુપમ ઉપકાર કર્યો છે.

**એ રોગ પણ સઘળા સહ્યા તેં પૂર્વભવમાં પરવશે;**
**તું સહી રહ્યો છે આમ, યશધર! અધિક શું કહીએ તને? ૩૮. —શ્રી ભાવપ્રાભૃત**




સનાતન સત્ય વીતરાગ દિગંબર જૈનમાર્ગ અંગીકૃત કર્યા પછીનાં વર્ષોમાં શાસનપ્રભાવક પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનવૃત્તાંત સાથે સંબંધ રાખનારા, મુમુક્ષુઓને ઉપકારભૂત થાય એવા પ્રભાવનાના અનેક સુયોગ બની ગયા.

વિ.સં. ૧૯૯૩ના ચૈત્ર સુદ આઠમના દિને પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને આત્મધ્યાનમયી વિમળ અનુભૂતિમાંથી ઉપયોગ બહાર આવતાં, ઉપયોગની સ્વચ્છતામાં ભવાંતરો સંબંધી સહજ સ્પષ્ટ જાતિસ્મરણજ્ઞાન થયું. પૂજ્ય ગુરુદેવશ્રીને અનેક વર્ષોથી પોતાના ભૂત-ભવિષ્ય ભવ સાથે સંબંધવાળો જે અસ્પષ્ટ 'ભાસ' આવતો હતો તેનો સ્પષ્ટ ઉકેલ બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાન દ્વારા મળવાથી તેઓશ્રીના મનોમંદિરમાં એક પ્રકારનું અજવાળું થયું અને તેઓશ્રીની ધર્મવૃત્તિને એક અસાધારણ નૂતન બળ મળ્યું. બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનની હકીકતો આત્માર્થીઓને ઉપકારક થાય એવી લાગવાથી પૂજ્ય ગુરુદેવ, તેની કેટલીક વિગતો, ધીમે ધીમે મુમુક્ષુઓ સમક્ષ અત્યંત ધર્મોલ્લાસપૂર્વક મૂકવા લાગ્યા હતા, જે સાંભળી આત્માર્થીઓ અત્યંત આહ્‌લાદિત થતા અને તેમના શ્રદ્ધાજીવનમાં, ભક્તિજીવનમાં તથા 'આ અલ્પાયુષી મનુષ્યપર્યાયમાં નિજ કલ્યાણ અવશ્ય કરી લેવા યોગ્ય છે' એવા ઉદ્યમજીવનમાં નવી ચમક આવતી.  (ક્રમશઃ)

દેહાદિસંગ તજ્યો અહો! પણ મલિન માનકષાયથી
આતાપના કરતા રહ્યા બાહુબલી મુનિ ક્યાં લગી? ૪૪.  —શ્રી ભાવપ્રાભૃત

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

✻ શ્રોતા :—શ્રી પરમાત્મપ્રકાશ ગાથા ૧૫મા કહ્યું કે જેમણે જ્ઞાનાવરણાદિ (ભાવ તેમજ દ્રવ્ય) કર્મનો નાશ કરીને અને દેહાદિક સર્વે પરદ્રવ્યોને છોડીને કેવળજ્ઞાનમય પરમાત્મપ્રકાશ પ્રાપ્ત કર્યો છે તેમને શુદ્ધ મનથી પરમાત્મા જાણો.

વળી પરમાત્માને દેહાદિના સંયોગનો પણ નાશ કહ્યો છે. હવે, અરિહંતદેવ પરમાત્મા હોવા છતાં તેમને શરીરનો સંયોગ તો હોય છે, છતાં 'શરીરાદિ છોડીને પરમાત્મા થયા છે' એમ કેમ કહ્યું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—શરીરાદિ તો ત્રણે કાળે આત્માથી જુદાં જ છે, પરંતુ પહેલાં તે પ્રત્યે મોહ તથા રાગ-દ્વેષ હતા, તે મોહ તથા રાગ-દ્વેષનો અભાવ થયો તેથી શરીરાદિનો પણ અભાવ કહેવામાં આવ્યો છે એમ સમજવું.

✻ શ્રોતા :—શાસ્ત્રો ભણવાનું તાત્પર્ય શું છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—શાસ્ત્રોનું તાત્પર્ય તો ભિન્ન વસ્તુભૂત જ્ઞાનમય આત્મા બતાવવાનું છે, એવા આત્માનું જ્ઞાન તે જ શાસ્ત્ર ભણવાનું તાત્પર્ય છે. જે જીવ એવા આત્માને નથી જાણતો તે ખરેખર શાસ્ત્રો ભણ્યો જ નથી. જ્ઞાનસ્વભાવી આત્મા રાગથી પણ જુદો છે—એમ બતાવીને શાસ્ત્રો જ્ઞાનસ્વભાવનું જ અવલંબન કરાવે છે ને રાગાદિનું અવલંબન છોડાવે છે.—આ જ શાસ્ત્ર તાત્પર્ય છે, આ જ શાસ્ત્ર ભણવાનો ગુણ છે. તેનો (એટલે કે ભિન્ન વસ્તુભૂત શુદ્ધજ્ઞાનસ્વભાવી આત્માના જ્ઞાનનો) જેને અભાવ છે તેને શાસ્ત્ર ભણવાના ફળનો અભાવ છે, એટલે તે અજ્ઞાની જ છે.

✻ શ્રોતા :—શું શાસ્ત્રનો અર્થ પણ ઘણા પ્રકારથી કરાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અક્ષરાર્થ ભાવાર્થ વગેરે પાંચ બોલથી શાસ્ત્રનો અર્થ કરવાનું આચાર્યદેવે કહ્યું છે.

જ્ઞાનાવરણીયકર્મથી જ્ઞાન રોકાય એ તો અક્ષરાર્થ થયો, જ્ઞાનાવરણીયકર્મથી જ્ઞાન

**એવો ન કોઈ પ્રદેશ લખ ચોરાશી યોનિનિવાસમાં,**
**રે! ભાવવિરહિત શ્રમણ પણ પરિભ્રમણને પામ્યો ન જ્યાં. ૪૭. —શ્રી ભાવપ્રાભૃત**

રોકાતું નથી પણ પોતાના જ કારણે જ્ઞાન હીણું થયું છે તે ભાવાર્થ થયો. પરના કારણે જ્ઞાન હીણું થયું છે તેમ માનવું એ તો દૃષ્ટિ જ ખોટી છે પણ જ્ઞાન પોતાના જ કારણે હીણું છે એમ જાણવું તે સત્ય છે એમ જાણીને પણ હીણી પર્યાય છે તેનું લક્ષ છોડીને ત્રિકાળી ધ્રુવ ચૈતન્યસામાન્યનું લક્ષ કરવું તે ભાવાર્થ છે. એ જ ભાવાર્થ જાણવાનું પ્રયોજન છે.

નિયમસારમાં ચાર ભાવોથી આત્મા અગોચર કહ્યો છે અર્થાત્ ક્ષાયિકભાવથી આત્મા જણાતો નથી તે અક્ષરાર્થ છે. તે અક્ષરાર્થ પણ ભાવાર્થથી જ સફળ છે. તેનો ભાવાર્થ એ છે કે ક્ષાયિકભાવના આશ્રયે આત્મા જણાતો નથી, તેથી આશ્રય અપેક્ષાએ ક્ષાયિકભાવથી અગોચર કહ્યો છે. આત્માને જાણનાર તો નિર્મળ પર્યાય પોતે જ છે, છતાં નિર્મળ પર્યાયના આશ્રયે ત્રિકાળી આત્મા જણાતો નથી.

નિયમસારમાં (ભક્તિ-અધિકારમાં) દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામનું ભજન તે ભક્તિ છે એમ કહ્યું તે વ્યવહારનયથી કહ્યું છે પણ એનો ભાવાર્થ ધર્મી જીવ ધ્રુવ આત્માની જ ભક્તિ-સેવા-ઉપાસના કરે છે, એમ સમજવો. સમયસાર ગાથા–૧૬મા દર્શન-જ્ઞાન-ચારિત્ર સદા સેવવા યોગ્ય છે તેમ કહ્યું તે વ્યવહારથી સમજાવ્યું છે; પરમાર્થથી તો એકરૂપ ધ્રુવ આત્માને જ સેવવાનો છે, વ્યવહારથી સમજાવવામાં આવે છે તોપણ સમજાવનાર અને સમજનારે વ્યવહારમાં ઊભા રહેવાનું નથી. સમયસારની ૮મી ગાથાની ટીકામાં પણ એમ જ કહ્યું છે કે ''xxxx વ્યવહારનય પણ મ્લેચ્છભાષાના સ્થાને હોવાને લીધે પરમાર્થનો પ્રતિપાદક (કહેનાર) હોવાથી વ્યવહારનય સ્થાપન કરવાયોગ્ય છે; તેમજ બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું–એ વચનથી તે વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.'' જ્યાં જ્યાં શુદ્ધ પર્યાયની સેવા કરવાનું, ધ્યાન કરવાનું કહ્યું ત્યાં ત્યાં એ સમજાવાની એક પ્રકારની શૈલીનાં કથન છે, નિર્મળ પર્યાય પ્રગટે છે તે અપેક્ષાથી કહ્યું છે એમ સમજવું.

સમયસારની છઠ્ઠી ગાથાની ટીકામાં આત્મા અન્ય દ્રવ્યભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે એમ કહ્યું, ત્યાં અન્ય દ્રવ્યથી લક્ષ છૂટે છે ને સ્વદ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે પર્યાય પણ ગૌણ થઈ જાય છે ને એકલા ધ્રુવ દ્રવ્ય સ્વભાવ ઉપર લક્ષ જાય છે; એ દ્રવ્યની સેવા કરી કહેવાય છે.

**જિનવરકથિત એકાદશાંગમયી સકલ શ્રુતજ્ઞાનને**
**ભણવા છતાંય અભવ્યસેન ન પ્રાપ્ત ભાવમુનિત્વને. ૫૨. —શ્રી ભાવપ્રાભૃત**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

શ્રોતા :—અનાદિકાળનાં આ ભવબંધનો તૂટીને મુક્તિ કેમ મળે તેનો માર્ગ બતાવવા કૃપા કરશો.

પૂજ્ય બહેનશ્રી :—મને કર્મનું બંધન છે એમ વિચાર કરવાથી કંઈ બંધન તૂટતું નથી. શાસ્ત્રમાં આવે છે ને ? કે બેડીથી બંધાયો છે તે પોતે તોડે તો બંધન તૂટે છે. માત્ર તેના વિચાર કર્યા કરે તો બંધન તૂટતું નથી, તેને તોડવાનું કાર્ય કરે—પુરુષાર્થ કરે તો તૂટે છે. તેમ એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયત્ન કરે તો તૂટે છે. અનાદિથી આ એકત્વબુદ્ધિ છે તે કેમ તૂટે, તેમ વિચારશૃંખલાથી તે તૂટતી નથી. પહેલાં વિચારો આવે છે, ન થાય ત્યાં સુધી વિચારો આવે છે, પણ તોડવાનું કાર્ય તો પોતાને કરવાનું છે.

આત્મતત્ત્વના વિચારો કરે, મહિમા કરે, તેની જિજ્ઞાસા કરે, રુચિ કરે ને વાંચન-વિચાર આદિ બધું કરે; પણ તેનું ધ્યેય તો કાર્ય કરવા ઉપર જ હોવું જોઈએ. પોતે કારણ આપે તો કાર્ય પ્રગટ થાય છે.

શ્રોતા :—માર્ગ મળતો નથી તેથી મૂંઝવણ થાય છે, તે મૂંઝવણમાંથી બહાર નીકળવાનો રસ્તો બતાવવા કૃપા કરો.

પૂજ્ય બહેનશ્રી :—રરસ્તો તો પોતાને કાઢવાનો છે, પુરુષાર્થ પોતે કરવાનો છે, પોતે જ માર્ગે ચાલવાનું છે,—બધું પોતે જ કરવાનું છે. આચાર્યદેવ કહે છે કે એક છ મહિના અભ્યાસ કર; પછી આત્મા સ્વયં પ્રગટ થાય છે કે નહિ તે જો. પણ તે અભ્યાસ કઈ જાતનો ?—તેની જાત જુદી છે.

જેને આત્મા પ્રગટ થાય તેને તો અંતર્મુહૂર્તમાં થાય છે પણ ન થાય તો આચાર્યદેવે ઉત્કૃષ્ટ છ મહિનાનો કાળ બતાવ્યો છે; પરંતુ અભ્યાસ કરે તો થાય ને ? અભ્યાસ ઉગ્ર રૂપે, સમજીને, અંતરની ભાવનાથી ને ખટકથી કરે તો કાર્ય થાય. તે રીતે તારા હૃદય-સરોવરમાં દેખ, અંદર તેજપુંજ આત્મા બિરાજે છે અને તે પ્રગટ થાય છે કે નથી થતો તે તું જો. પ્રયત્ન કરે તો તે પ્રગટ થયા વગર રહેવાનો જ નથી. અનાદિથી એકત્વબુદ્ધિ અને વિકલ્પની જાળમાં તે જેમ કરોળિયો પોતાની જાળમાં ગૂંચવાઈ જાય છે તેમ જ ગૂંચવાઈ ગયો છે, કરોળિયો જાળની અંદર હોવા છતાં પોતે અંદરથી છૂટો જ છે તેમ જીવ છૂટો છે. પ્રયત્ન કરે તો છૂટી શકે છે, છૂટી જવાય એવું છે.

## બાળ વિભાગ

# રેવતીરાણી

વિજયાર્ધ પર્વતની દક્ષિણ શ્રેણીમાં મેઘકૂટ નગરમાં ચંદ્રપ્રભ રાજાએ પુત્ર ચંદ્રશેખરને રાજ્ય આપીને પરોપકાર માટે તથા વંદના–ભક્તિ માટે કેટલીક વિદ્યાઓ ધારણ કરતો થકો, દક્ષિણ મથુરામાં ગયો, ત્યાં ગુપ્તાચાર્યની સમીપે ક્ષુલ્લક થયો. તેણે એક દિવસ વંદના–ભક્તિ માટે ઉત્તર મથુરા જતાં ગુપ્તાચાર્યને પૂછ્યું : ''શું કોઈને કાંઈ કહેવાનું છે?''

ભગવાન ગુપ્તાચાર્યે કહ્યું : ''સુવ્રત મુનિને વંદના અને વરુણ રાજાની મહારાણી રેવતીને આશીર્વાદ કહેવા યોગ્ય છે.''

ત્રણ વખત પૂછવા જતાં તેમણે એટલું જ કહ્યું, પછી તે ક્ષુલ્લકે કહ્યું : ''અગિયાર અંગધારી ભવ્યસેનાચાર્ય અને બીજાઓનું નામ પણ તેઓ લેતા નથી, તો ત્યાં કાંઈ કારણ હશે.''

આમ વિચારી (ક્ષુલ્લક) ત્યાં જઈને સુવ્રત મુનિને મુનિરાજ ભટ્ટારકની વંદના કહીને અને તેમનું વિશિષ્ટ વાત્સલ્ય જોઈને ભવ્યસેનના રહેઠાણે ગયો. ત્યાં ગયો ત્યારે તેની સાથે ભવ્યસેને સંભાષણ પણ ન કર્યું.

કમંડળ લઈને ભવ્યસેન સાથે બહારભૂમિએ (જંગલ) જઈ વિક્રિયાથી, લીલા કોમળ તૃણાંકુર વડે આચ્છાદિ માર્ગ બતાવ્યો. તે જોઈને ''આગમમાં ખરેખર તેને જીવ કહ્યા છે.'' એમ કહીને તેમાં (આગમમાં) અરુચિ બતાવી તે (ભવ્યસેન) ઘાસ ઉપર ગયો. ક્ષુલ્લકે વિક્રિયાથી કમંડળનું પાણી સુકવી નાખ્યું, શૌચના સમયે કમંડળમાં જળ નહિ અને વિકૃતિ પણ કોઈ ઠેકાણે દેખાઈ નહિ, તેથી તેણે (ભવ્યસેને) સ્વચ્છ સરોવરમાં સારી માટીથી શૌચ કર્યું. (જિન–મતની ઉપેક્ષા કરે છે.) તેથી તેને મિથ્યાદ્રષ્ટિ જાણીને (ક્ષુલ્લકે) ભવ્યસેનનું અભવ્યસેન એવું નામ રાખ્યું.

પછી બીજે દિવસે પૂર્વ દિશામાં, પદ્માસને બિરાજમાન ચાર મુખવાળા યજ્ઞોપવિત આદિથી મુક્ત, દેવ–અસુરોથી વંદિત બ્રહ્માનું રૂપ (માયા વિદ્યા વડે) બતાવ્યું. રાજાઓ આદિ અને તે ભવ્યસેનાદિ લોકો ત્યાં ગયા, પરંતુ ''આ બ્રહ્મા નામનો દેવ કોણ છે?'' એમ કહીને રેવતી લોકો દ્વારા પ્રેરાતી હોવા છતાં ગઈ નહિ. એ રીતે દક્ષિણ દિશામાં ગરુડ પર

શિવભૂતિનામક ભાવશુદ્ધ મહાનુભાવ મુનિવરા
'તુષમાષ' પદને ગોખતા પામ્યા પ્રગટ સર્વજ્ઞતા. ૫૩. —શ્રી ભાવપ્રાભૃત

આરુઢ થયેલા ચાર ભુજાવાળા અને ગદા–શંખાદિ ધારણ કરનાર વાસુદેવનું રૂપ બતાવ્યું અને પછી પશ્ચિમ દિશામાં બળદ–નંદી ઉપર બેઠેલા, જટાજૂથમાં અર્ધચંદ્ર ધારણ કરેલ અને ગૌરી તથા ગણ સહિત શંકરનું રૂપ અને ઉત્તર દિશામાં સમવસરણ મધ્યે આઠ પ્રાતિહાર્ય સહિત સુર, નર, વિદ્યાધર, મુનિવૃન્દ દ્વારા વંદિત, પર્યંક આસને સ્થિત, તીર્થંકર દેવનું રૂપ બતાવ્યું. ત્યાં પણ બધા લોકો ગયા, પરંતુ લોકો દ્વારા પ્રેરાતી હોવા છતાં રેવતી ગઈ નહિ.

"જિન–આગમમાં નવ જ વાસુદેવ, અગિયાર જ રુદ્ર અને ચોવીસ જ તીર્થંકર કહ્યા છે, તે તો થઈ ગયા છે. આ તો કોઈ માયાવી છે." એમ કહીને રેવતી ઊભી રહી.

બીજા દિવસે ચર્યાના સમયે તે ક્ષુલ્લક વ્યાધિથી ક્ષીણ થયેલા શરીરવાળા ક્ષુલ્લકના રૂપમાં, રેવતીના ઘરની ખડકી સમીપે માર્ગમાં માયાવી મૂર્ચ્છા ખાઈ પડ્યો. રેવતી (તેના પડવાનો અવાજ) સાંભળીને તેને ભક્તિથી ઊઠાડીને લઈ આવી તથા જરૂરી ઉપચાર કરી તેને માફક આવે તેવો (પથ્ય) ખોરાક આપવાનું શરૂ કર્યું. તેણે (ક્ષુલ્લકે) બધો આહાર ખાઈ જઈને દુર્ગંધ ભર્યું વમન (ઊલટી) કર્યું. તે દૂર કરીને, "અરેરે, (ક્ષુલ્લકજીને) મેં અપથ્ય આહાર આપ્યો" એમ કહ્યું.

રેવતીનાં આવાં વચનો સાંભળીને, તેમની માયા સંકેલીને, ક્ષુલ્લકે તે દેવીને ગુરુને (પરોક્ષ) વંદન કરાવીને, તેમના આશીર્વાદ તથા પૂર્વવૃત્તાંત કહીને, લોકમાં તેના અમૂઢદૃષ્ટિપણાની ખૂબ પ્રશંસા કરી, પોતાના સ્થાને ગયો. વરુણરાજા પોતાના પુત્ર શિવકીર્તિને રાજ્ય આપીને, તપ ગ્રહણ કરીને, માહેન્દ્ર સ્વર્ગમાં દેવ થયો. રેવતીનો આત્મા પણ તપ કરીને બ્રહ્મસ્વર્ગમાં દેવ થયો.

---

(અનુસંધાન પેજ નં. ૧૪ થી ચાલુ)

ધર્મનું કથન કરવામાં સર્વજ્ઞદેવના વચનો જ સત્ય છે, બીજાના નહિ. સર્વજ્ઞને માન્યા સિવાય કોઈ કહે કે હું મારી મેળે જાણીને ધર્મ કહું છું–તો તેની વાત સાચી ન હોય. વળી સર્વજ્ઞ–અરિહંતદેવ સિવાય બીજા મત પણ સરખા છે–એમ જે માને તેને પણ ધર્મના સ્વરૂપની ખબર નથી. જૈન ને અજૈન બધા ધર્મોને સરખા માનનારને તો વ્યવહારશ્રાવકપણું પણ નથી. તેથી શ્રાવકના ધર્મના વર્ણનની શરૂઆતમાં જ સ્પષ્ટ કહ્યું કે સર્વજ્ઞના વચનથી કહેલો ધર્મ જ સત્ય છે ને બીજો સત્ય નથી, એવી પ્રતીત શ્રાવકને પહેલાં જ હોવી જોઈએ.

(ક્રમશઃ)

**દેહાદિસંગવિહીન છે, વર્જ્યા સકળ માનાદિ છે,**
**આત્મા વિષે રત આત્મ છે, તે ભાવલિંગી શ્રમણ છે. ૫૬. —શ્રી ભાવપ્રાભૃત**

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

(હિસાબી-અહેવાલ તા. ૧-૪-૨૦૧૨ થી તા. ૩૧-૩-૨૦૧૩ તથા નિવેદન)

શ્રી કહાનગુરુ-ભક્ત મુમુક્ષુસમાજ,

સવિનય નિવેદન કે આપણા તારણહાર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સોનગઢ (સુવર્ણપુરી)માં અધ્યાત્મધર્મનો લાભ લેવા માટે ઘણા મુમુક્ષુઓ કાયમી વસવાટ કરે છે તથા બહારગામથી ઘણા મુમુક્ષુઓ પધારે છે. આ તીર્થધામનો વહીવટ આપ સૌના સહયોગથી આપણું ઉપરોક્ત ટ્રસ્ટ (સંસ્થા) કરી રહેલ છે. દર વર્ષની માફક, આ સાથે તા. ૧-૪-૨૦૧૨ થી ૩૧-૩-૨૦૧૩નાં વર્ષનાં ઓડીટ થયેલ સરવૈયાં, આવક-જાવકના હિસાબો સહિત રજુ કરીએ છીએ, જે ઉપરથી આપને આ ટ્રસ્ટના વહીવટ સંબંધી, આવક-ખર્ચની તથા અન્ય જાણકારી મળી શકશે, અને જેથી આપને સંતોષ થશે એવી આશા રાખીએ છીએ.

(૧) આ વર્ષ દરમ્યાન બધા મહોત્સવો ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવ્યા છે. બહારગામથી યાત્રીઓ અને મુમુક્ષુઓ સારી સંખ્યામાં અવારનવાર આવે છે. દરેકને સારી સગવડ આપવાની કાળજી લેવામાં આવે છે. શ્રી જન્મજયંતી-મહોત્સવનો ખર્ચ જેમના તરફથી જન્મજયંતી ઉજવાય છે તેમના તરફથી આપવામાં આવે છે.

(૨) જિનવાણી પ્રકાશનમાં સ્થાયી પુરસ્કર્તા યોજના અંતર્ગત ગુજરાતી પુસ્તકોનાં સ્થાયી પુરસ્કર્તા લગભગ પૂરા થવાની તૈયારીમાં છે. હિન્દી પુસ્તકોનાં સ્થાયી પુરસ્કર્તા બાકી રહે છે. આ યોજનાને દાતાર તરફથી સારો પ્રતિસાદ સાંપડેલ છે.

ટ્રસ્ટીઓ,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ

❀

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અંતર્ગત વિદેશી મુમુક્ષુઓ માટે એક ધાર્મિક શિબિરનું આયોજન તા. ૦૨-૦૧-૨૦૧૪ થી તા. ૦૪-૦૧-૨૦૧૪ સુધી કરવામાં આવ્યું છે. સર્વે મુમુક્ષુઓને શિબિરમાં પધારવા નિમંત્રણ છે.

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ

## તા. ૩૧-૩-૨૦૧૩નાં પુરા થતાં વર્ષનું આવક–જાવક પત્રક

| આવક | ૩૧-૩-૨૦૧૨ | ૩૧-૩-૨૦૧૩ | જાવક | ૩૧-૩-૨૦૧૨ | ૩૧-૩-૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| ભાડા...... | ૨૪,૬૧૮ | ૨૪,૪૫૦ | મિલ્કત મરામત | ૩,૯૨,૦૦૫ | ૨,૦૩,૩૮૧ |
| વ્યાજ | ૫૮,૫૦,૬૫૦ | ૬૭,૬૦,૫૫૩ | વીમા પ્રીમીયમ | ૩૬,૭૮૭ | ૧૫,૧૯૩ |
| દાન ખાતે | ૨૪,૭૬,૬૨૭ | ૬૫,૫૯,૬૨૦ | વહીવટી ખર્ચ | ૬૦,૪૮૭ | ૭૧,૧૦૦ |
| ગુપ્ત ભંડાર | ૧૧,૩૬,૯૫૨ | ૧૧,૭૫,૯૧૦ | ઓડીટ ખર્ચ | ૪૬,૨૫૪ | ૫૦,૫૬૨ |
| અન્ય આવક | ૪,૫૧,૮૯૦ | ૫,૦૨,૧૨૭ | ચેરીટી કમી. ફાળો | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| કાયમી ફંડ ખાતે | | | અન્યખર્ચ | ૪,૩૯,૪૨૮ | ૧૯,૧૫૩ |
| ટ્રાન્સફર | ૯,૧૧,૩૫૧ | ૧૦,૨૧,૮૮૪ | રીઝર્વ ફંડથી લાવ્યા | ૩૧,૦૬,૪૬૦ | ૩૩,૩૫,૧૭૬ |
| | | | ધાર્મિક હેતુ ખર્ચ | ૫૧,૦૩,૨૦૪ | ૮૬,૬૦,૮૬૮ |
| | | | વર્ષ આખરે વધારો | ૧૬,૧૭,૪૬૩ | ૩૬,૩૯,૧૧૧ |
| | ૧૦૮૫૨૦૮૮ | ૧૬૦૪૪૫૪૪ | | ૧૦૮૫૨૦૮૮ | ૧૬૦૪૪૫૪૪ |

## તા. ૩૧-૩-૨૦૧૩નું સરવૈયુ

| ફંડ જવાબદારી | ૩૧-૩-૨૦૧૨ | ૩૧-૩-૨૦૧૩ | મિલ્કત-લેણું | ૩૧-૩-૨૦૧૨ | ૩૧-૩-૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૧૩,૭૦,૩૩૨ | ૧૩,૭૦,૩૩૨ | સ્થાવર મિલ્કત | ૬,૪૧,૫૧,૬૯૨ | ૭,૨૮,૦૯,૭૬૮ |
| મિલ્કત ફંડ | ૫,૮૬,૨૧,૮૯૨ | ૬,૨૪,૫૭,૭૦૮ | ડેડ સ્ટોક ફર્નિચર | ૨૬,૦૬,૯૨૩ | ૨૭,૭૬,૭૭૨ |
| કાયમી ફંડ | ૫,૩૫,૧૩,૬૨૧ | ૫,૮૧,૨૬,૪૨૪ | જંગમ મિલ્કત | ૭૯,૩૩,૯૧૨ | ૮૯,૨૪,૮૬૨ |
| ચાલુ ફંડ | ૧,૧૦,૩૨,૫૨૧ | ૧,૫૯,૯૮,૩૩૧ | પુસ્તક, કાગળ સ્ટોક, પ્રિન્ટીંગ | ૩૭,૩૦,૦૧૪ | ૩૮,૭૧,૪૦૬ |
| રૂમ બ્લોક | | | | | |
| ડીપોઝીટ | ૬૪,૦૪,૮૪૦ | ૬૨,૦૩,૩૪૦ | જૈન સેવા સમિતી | ૧૭,૮૪,૬૪૯ | ૧૮,૪૬,૪૨૩ |
| અન્ય દેવાં | ૧,૧૨,૫૫૮ | ૨,૩૬,૬૮૬ | અન્ય લેણાં | ૪,૮૭,૬૯૦ | ૧૦,૫૯,૯૨૩ |
| ઉપજ ખર્ચ | ૨,૪૭,૯૬,૩૭૧ | ૨,૮૯,૦૦,૯૯૦ | રોકાણો | ૭,૩૬,૬૯,૦૦૦ | ૭,૫૧,૦૬,૦૦૦ |
| જોગવાઈ | ૪,૬૫,૫૦૯ | | બેન્ક બેલેન્સ | ૧૯,૫૧,૧૪૯ | ૬૮,૯૩,૬૧૦ |
| | | | પુરાંત | ૨,૬૧૫ | ૫,૦૪૭ |
| | ૧૫,૬૩,૧૭,૬૪૪ | ૧૭,૩૨,૯૩,૮૧૧ | | ૧૫,૬૩,૧૭,૬૪૪ | ૧૭,૩૨,૯૩,૮૧૧ |


# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સંચાલિત
# શ્રી કહાન સૂર્ય દિગંબર જૈન ભોજન સમિતિ, સોનગઢ
## તા. ૩૧-૩-૨૦૧૩ નાં પુરા થતાં વર્ષનું આવક જાવક ખાતુ.

| આવક | રકમ | ખર્ચ | રકમ |
|---|---|---|---|
| ભોજન આવક | ૨૦,૫૪,૦૭૪ | દુધ, શાકભાજી, બળતણ, પોસ્ટેજ, | |
| કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ | ૨૬,૩૨,૫૦૦ | ટેલિફોન, પગાર, ઈલેકટ્રીક બીલ, | |
| કાયમી જમણનાં ખર્ચનાં સ્વાધ્યાય મંદિર પાસેથી | ૨,૮૩,૩૮૦ | કોઠાર વપરાશ વિગેરે. | ૬૦,૧૨,૮૭૭ |
| ફોટા ફંડના વ્યાજનાં કાયમી ભોજનતિથિ તથા ધ્રુવફંડના | ૮,૮૬,૬૦૮ | | |
| બેન્ક વ્યાજ | ૩૫,૭૬૩ | | |
| ભંગાર વેચાણ | ૩૮,૮૮૧ | | |
| તૂટ સરવૈયામાં લઈ ગયા | ૮૧,૬૭૧ | | |
| | ૬૦,૧૨,૮૭૭ | | ૬૦,૧૨,૮૭૭ |

## તા. ૩૧-૩-૨૦૧૩નાં રોજ પુરા થતાં વર્ષનું સરવૈયુ

| ફંડ જવાબદારી | રકમ | મિલ્કત–લેણા | રકમ |
|---|---|---|---|
| સ્વામીવાત્સલ્ય ખુશાલી ફંડ | ૩,૬૦,૧૨૧ | કોઠાર સ્ટોક | ૧,૨૩,૦૨૫ |
| ઉપજ ખર્ચ ખાતુ | | અન્ય લેણાં | ૮,૫૦૦ |
| ગ.વ. મુજબ ૧૨,૮૭,૮૬૧ | | બેન્ક ઓફ ઈન્ડિયા એફ. ડી. | ૩,૦૬,૫૩૪ |
| ચાલુસાલ તૂટ ૮૧,૬૭૧ | ૧૨,૦૬,૧૯૦ | બેન્ક ઓફ ઈન્ડિયા સેવીંગ | ૪૬,૭૧૬ |
| અન્ય જવાબદારી | ૧,૧૧,૨૨૯ | S.B.I સેવીંગ | ૪,૧૮૪ |
| રીક્ષાફંડ | ૧,૬૨,૫૦૧ | રીક્ષા | ૧,૮૮,૩૬૦ |
| | | ડેડ સ્ટોક | ૧૧,૩૫,૫૮૨ |
| | | ટી.ડી.એસ. રીફંડ | ૮,૧૪૦ |
| | | પુરાંત | ૧૯,૦૦૦ |
| | ૧૮,૪૦,૦૪૧ | | ૧૮,૪૦,૦૪૧ |

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત



# મોક્ષમાર્ગપ્રકાશક અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક-૪ (કુલ માર્ક્સ-૫૦)

**અભ્યાસ ક્રમ –મોક્ષમાર્ગપ્રકાશક : ચોથો અધ્યાય**

પરીક્ષાર્થીનું નામ : ............................................... ઉંમર : ..........
મંડળનું નામ : ............................................... ગામનું નામ : ................
ફોન નં.: ............................................... તા. ૨૫-૧૧-૨૦૧૩

**સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.**
**(૨) પ્રશ્નોના ઉત્તર મોક્ષમાર્ગપ્રકાશક આધારિત આપવાના રહેશે.**

**પ્રશ્ન-૧ નીચેનામાંથી કોઈપણ બાર પ્રશ્નોના ત્રણથી ચાર લીટીમાં ઉત્તર આપો. (૨૪)**

(૧) આ અધ્યાયમાં શાનું વર્ણન છે? તેનો હેતુ શું છે?
(૨) મિથ્યાદર્શન કોને કહે છે? તેનું નિમિત્ત શું છે ?
(૩) સર્વ પદાર્થો તો કેવળજ્ઞાનમાં જણાય અને સર્વેને જાણ્યા વિના શ્રદ્ધાન પણ સર્વેનું સાચું ન થાય તો પહેલાં કેવળજ્ઞાન થાય તો જ સમ્યક્‌દર્શન થઈ શકે? શા માટે ?
(૪) મિથ્યાજ્ઞાનમાં વિશેષપણે કયું કર્મ નિમિત્ત છે? જ્ઞાનાવરણ કે દર્શનમોહ? શા માટે?
(૫) પ્રયોજનભૂત અને અપ્રયોજનભૂત તત્ત્વો ક્યાં છે? શા માટે?
(૬) અજ્ઞાની આત્મા શરીરમાં અહંબુદ્ધિ કેમ કરે છે?
(૭) મિથ્યાજ્ઞાન કોને કહે છે? જ્ઞાનમાં ક્યા દોષો ઉદ્‌ભવે છે?
(૮) જ્ઞાન(આત્માનો) સ્વભાવ હોવા છતાં તે મિથ્યાજ્ઞાનરૂપે ક્યા કારણે પરિણમે છે?
(૯) સમ્યક્‌જ્ઞાન–શ્રદ્ધાન તો યુગપત્ હોય છે તો તેમાં કારણ-કાર્યપણું કેવી રીતે છે?
(૧૦) સંયોગો સુખ-દુઃખનું કારણ નથી, તેમ હોવા છતાં તે સુખદાયક કે દુઃખદાયક કેમ લાગે છે?
(૧૧) બાહ્યવસ્તુનો સંયોગ કર્મના નિમિત્તથી થાય છે, તો કર્મો પ્રત્યે તો રાગ-દ્વેષ કરવો? શા માટે?
(૧૨) પરદ્રવ્ય પ્રત્યે રાગ-દ્વેષ કરવાના પરિણામોને મિથ્યા કેમ કહ્યાં છે ?
(૧૩) કોઈ જીવ આ લોકમાં નિંદાપાત્ર અને પરલોકમાં બુરું થાય એવા કાર્યોમાં કેમ પ્રવર્તે છે?
(૧૪) ક્રોધ, માન, માયા, લોભ વિગેરે શાના વિશેષો છે? કઈ રીતે?
(૧૫) નવ નોકષાયો શાના ભેદ છે?
(૧૬) આ અધ્યાયનું તાત્પર્ય શું છે? કલ્યાણનો ઉપાય શું છે ?

**પ્રશ્ન-૨ વિગતવાર ઉત્તર આપો. (કોઈપણ ત્રણ)(પાંચ થી ૬ લીટીમાં) (૧૫)**

(૧) અજ્ઞાની જીવ આસ્રવતત્ત્વ સંબંધમાં શું ભૂલ કરે છે?
(૨) અજ્ઞાની જીવ બંધતત્ત્વ સંબંધમાં શું ભૂલ કરે છે?
(૩) અજ્ઞાની જીવ નિર્જરાતત્ત્વ સંબંધમાં શું ભૂલ કરે છે?
(૪) અજ્ઞાની જીવ મોક્ષતત્ત્વ સંબંધમાં શું ભૂલ કરે છે?

(૫) જ્ઞાનવરણના ઉદયથી મિથ્યાજ્ઞાન થાય તેમ કહેવામાં ક્યો સિદ્ધાંત તૂટે?
(૬) મિથ્યાચારિત્ર કોને કહે છે? તે થતાં જીવ કેવા પરિણામ કરે છે?

**પ્રશ્ન–૪ નીચે આપેલ કોઈપણ એક વિષય ઉપર વીસ લીટીમાં નિબંધ લખો. (૧૧)**

(૧) આત્માને રાગ-દ્વેષ ઉત્પન્ન થવાનું કારણ શું છે? તે કઈ રીતે મટે?
(૨) મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ કોને અને ક્યારથી છે? તથા કોને મટે છે? કઈ રીતે?
(૩) મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ

---

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

### ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય 'આચાર્યપદવી દિન' સમારોહ

પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના 'આચાર્યપદવી દિન'નો બે દિવસનો ઉત્સવ માગશર વદ-૭ તા. ૨૪-૧૨-૨૦૧૩ મંગળવારથી માગશર વદ ૮ તા. ૨૫-૧૨-૨૦૧૩ બુધવાર, ભગવાન કુંદકુંદાચાર્યદેવના વિશેષ પૂજન-ભક્તિના કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે. તો બધા મુમુક્ષુઓને સુવર્ણપુરી સોનગઢ પધારવાનું હાર્દિક નિમંત્રણ છે.

### ✽ તેરમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર ✽

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવનાયોગે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા સુવર્ણપુરી સોનગઢમાં તેરમી બાલ સંસ્કાર શિબિર તા. ૨૫-૧૨-૨૦૧૩ બુધવારથી તા. ૩૦-૧૨-૨૦૧૩ સોમવાર સુધી શ્રી ઘાટકોપર દિગંબર જૈન ભગવતી મહિલા મંડળ-મુંબઈના સૌજન્યથી આયોજિત થઈ રહી છે તેથી સર્વે મુમુક્ષુઓને નિવેદન છે કે તેઓ પોતાના બાળકોને લઈને શિબિરનો લાભ લેવા માટે અવશ્ય પધારે. બાલસંસ્કાર શિબિરાર્થી બાળકો તથા યુવકોને જાણ કરવામાં આવે છે કે દરેક વર્ષની જેમ આ વર્ષે પણ શિબિરમાં રાત્રિના સમયે ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, તો તેમાં ભાગ લેવા ઇચ્છનારા શિબિરાર્થીઓ યથાયોગ્ય તૈયારી સાથે શિબિરમાં આવે. શિબિરાર્થીઓ ગતવર્ષના અભ્યાસક્રમનું અધ્યયન કરી શિબિરમાં આવે.

# વૈરાગ્ય સમાચાર :–

દાદરનિવાસી શ્રી કુમુદબેન હિંમતલાલ મધિયા (વર્ષ-૭૯) તા. ૯-૯-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા પચાસ વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વોપદેશનો તેમજ પૂજા-ભક્તિ-યાત્રા આદિનો ખૂબ લાભ લેતા હતા.

વટામણનિવાસી (હાલ-ખાર) શ્રી કિશોરભાઈ નાથાલાલ શાહ (—તે અમેરિકાનિવાસી પ્રવીણભાઈના ભાઈ તથા સોનગઢનિવાસી રતીલાલ હીરાચંદ શાહના જમાઈ) (વર્ષ-૭૫) તા. ૪-૧૦-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા.

મુંબઈનિવાસી (હાલ-સોનગઢ) શ્રી શાંતિભાઈ મોદી (વર્ષ-૭૭) તા. ૯-૧૦-૧૩ના રોજ શાંત પરિણામપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૧૩ વર્ષથી સોનગઢમાં સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ પૂજ્ય બહેનશ્રીના તત્ત્વનો ઘણો લાભ લીધો હતો.

ગોંડલનિવાસી (હાલ-જામનગર) શ્રી બટુકભાઈ મણિલાલ ખંઢેરીયા(રાજકોટ મંદિરના સક્રિય કાર્યકર) (વર્ષ-૮૮) તા. ૧૩-૧૦-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી શ્રી વસંતલાલ વૃજલાલ પારેખ (વર્ષ-૯૧) તા. ૧૫-૧૦-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ રાજકોટ મંદિરના સક્રિય કાર્યકર રહીને તત્ત્વજ્ઞાનનો ઘણો જ લાભ લીધો હતો.

જોધપુરનિવાસી શ્રી મોતીચંદજી જૈન (લુહાડિયા) તા. ૧૯-૧૦-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમના ઘરે છેલ્લા ૩૦-૪૦ વર્ષોથી રોજ નિયમિત સ્વાધ્યાય થતો હતો. તેઓ મુમુક્ષુસમાજમાં તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસાર માટે પ્રતિષ્ઠિત હતા.

ગોંડલનિવાસી(હાલ-ઘાટકોપર) શ્રી નરેન્દ્રભાઈ નરોત્તમદાસ બાવીશી (વર્ષ-૫૩) તા. ૨૦-૧૦-૨૦૧૩ના રોજ ઘાટકોપર મંદિરમાં, મુમુક્ષુઓને દર્શન-યાત્રા લઈ જવા પ્રસંગે, હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે. તેમને પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૦મી સમ્યક્‌જયંતી અને ૯૯મી જન્મજયંતી ઉજવવાનો લાભ મળ્યો હતો. તેઓ છેલ્લા ૧૪ વર્ષથી તત્ત્વજ્ઞાનનો નિયમિતપણે લાભ લેતા હતા. ઘાટકોપર મંદિરમાં દરેક પ્રસંગે ખૂબ જ ઉલ્લાસથી ભાગ લેતા હતા.

વાંકાનેરનિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી ઈન્દુબેન છગનલાલ મહેતા (—તેઓ શ્રી નિખિલભાઈ-ઘાટકોપરના માતુશ્રી) તા. ૬-૧૧-૨૦૧૩ના રોજ ટૂંકી માંદગીમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી સાથે યાત્રાઓ કરી હતી. નાનપણથી જ તત્ત્વનો લાભ લીધો હતો અને અનેક પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉત્સાહથી લાભ લીધો હતો.

જલગાંવનિવાસી શ્રી વિનોદરાય છોટાલાલ બાવીશીના સુપુત્ર રાજુભાઈ (વર્ષ-૩૯) તા. ૧૦-૧૧-૧૩ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ જલગાંવ મંદિરના દરેક પ્રસંગમાં ઉત્સાહથી લાભ લેતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૭)
# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૧૨૧) સંખ્યા અપેક્ષાએ ચોથા ગુણસ્થાને ................. જીવો હોય છે તેમનો .............. જુદો હોય છે પણ તે બધાય જ્ઞાનીની ................... જાતિ તો એક જ હોય છે.

(૧૨૨) સાચું પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ અને આલોચના .................મુનિઓને જ હોય છે.

(૧૨૩) ગજપંથા તીર્થક્ષેત્રથી ...................... બળભદ્ર મોક્ષ પામ્યા છે.

(૧૨૪) આત્મામાં અનંત ગુણો છે તેમાંથી કોઈ પણ ગુણ...................... તેનો ધર્મ નથી.

(૧૨૫) જીવનો કાળ................................ હોય છે.

(૧૨૬) મોક્ષમાર્ગનો કાળ .............................. હોય છે.

(૧૨૭) મોક્ષનો કાળ ............................ હોય છે.

(૧૨૮) જિનવાણી સૂત્રોનાં અર્થ કરવાની પદ્ધતિ (૧) ................... (૨) ................. (૩) .................. (૪) ................. (૫)........................ હોય છે.

(૧૨૯) એકેન્દ્રિય જીવમાં જ્ઞાન છે પણ ........................... નહીં હોવાથી તેનામાં વિચાર શક્તિ નથી.

(૧૩૦) બહિરાત્મા (મિથ્યાદ્રષ્ટિ) સંખ્યાએ.............................. છે.

(૧૩૧) અંતરાત્મા (સમ્યગ્દ્રષ્ટિ) સંખ્યાએ ........................... છે.

(૧૩૨) પરમાત્મા (સિદ્ધ ભગવાન) સંખ્યાએ ........................ છે.

(૧૩૩) .................................. હાથીને પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન હતું

(૧૩૪) દેવો અને નારકીઓને વધુમાં વધુ ...................... ગુણસ્થાન થઈ શકે છે.

(૧૩૫) તિર્યંચોને વધુમાં વધુ ...................... ગુણસ્થાન થઈ શકે છે.

(૧૩૬) ભરતક્ષેત્રમાં મનુષ્યોને ચોથા કાળમાં વધુમાં વધુ ............... ગુણસ્થાન થઈ શકે છે.

(૧૩૭) જીવદ્રવ્યનું દ્રવ્યકર્મમાં ........................ નથી.

(૧૩૮) મનુષ્યમાં ........................... વિષયોની લોલુપતા હોય છે.

(૧૩૯) સમ્યગ્દર્શન જીવદ્રવ્યનાં ................. ગુણની ................ પર્યાય છે.

(૧૪૦) વીતરાગતા જીવદ્રવ્યનાં ...................... ગુણની .................. પર્યાય છે.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ
# પ્રશ્ન નવેમ્બર-૨૦૧૩ના
# ઉત્તર

(૧૦૧) ચોથી (પ્રાયોગ્ય લબ્ધિ)
(૧૦૨) સોળ
(૧૦૩) પાંચમા – છઠ્ઠા
(૧૦૪) મુનિસુવ્રત – ૧૩
(૧૦૫) ૫૦૦
(૧૦૬) ૨૬૧૨
(૧૦૭) ૪ – ૬
(૧૦૮) સૂક્ષ્મત્વ
(૧૦૯) અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય
(૧૧૦) લાખો, ક્ષાયિક, ઉદય
(૧૧૧) જ્ઞાનનો
(૧૧૨) દ્રવ્ય
(૧૧૩) અન્યોન્ય
(૧૧૪) જંબૂદ્વીપ, પુષ્કરદ્વીપ અડધો
(૧૧૫) ૭૭ – ૮૧
(૧૧૬) ૩
(૧૧૭) પુષ્પદંત, ભૂતબલિ
(૧૧૮) છઠ્ઠા
(૧૧૯) સમ્યક્દર્શન
(૧૨૦) ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી

## (૭)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૧૨૧) જે રાગી-દ્વેષી ભગવાન હોય તેને .................. કહે છે.

(૧૨૨) પૂજ્ય ગુરુદેવશ્રી બધા જીવોને ........................... કહેતાં હતાં.

(૧૨૩) ભગવાન આદિનાથ ..................... પર્વતથી મોક્ષ ગયા છે.

(૧૨૪) આસ્રવના બે ભેદ (૧) ................ અને (૨) ................ છે.

(૧૨૫) વગર ગાળેલ પાણીનાં એક ટીપામાં .................... જીવ હોય છે.

(૧૨૬) પહેલા ગુણસ્થાનનું નામ ................... છે.

(૧૨૭) જે નિર્ગ્રંથ હોય છે તેને .................... કહે છે.

(૧૨૮) નવકાર મંત્રમાં ................. નમસ્કાર કરવામાં આવેલ છે.

(૧૨૯) છ દ્રવ્યોના સમૂહને ............... કહે છે.

(૧૩૦) પૂજ્ય ગુરુદેવશ્રીએ ભગવતી આ ઉપમા .........................................ને આપેલ હતી.

(૧૩૧) ક્રોધ, ............... માયા, ............... આ ચાર કષાય છે.

(૧૩૨) અમે ............... પ્રભુના સંતાન છીએ.

(૧૩૩) પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિનું નામ ................... છે.

(૧૩૪) અજિતનાથ ભગવાનનું ચિહ્ન .................. છે.

(૧૩૫) અરિહંત પરમેષ્ઠીને .................. ગુણ હોય છે.

(૧૩૬) પંચ પરમાગમ આચાર્ય .................. મુનિએ બનાવેલ છે.

(૧૩૭) હું ............. છું, મારામાં ............ છે અને હું ................. જાણું છું.

(૧૩૮) શરીર ............ છે, તે કાંઈ ................... નથી.

(૧૩૯) દ્રવ્ય ............... છે. તત્ત્વ ............. છે.

(૧૪૦) ક્રિયાવતી શક્તિ ................ અને ..................... દ્રવ્યમાં જ હોય છે.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન નવેમ્બર-૨૦૧૩ના ઉત્તર

(૧૦૧) ૮
(૧૦૨) ભાવહિંસા (સ્વરૂપની)
(૧૦૩) માનતુંગાચાર્ય
(૧૦૪) પાંચમો
(૧૦૫) જ્ઞાન
(૧૦૬) ચોરાસી લાખ
(૧૦૭) ગજસુકુમાલ
(૧૦૮) સુદર્શન
(૧૦૯) પાંચ પાંડવ
(૧૧૦) રાત્રિ ભોજન
(૧૧૧) અષ્ટમૂલગુણ
(૧૧૨) દ્વિપાયન
(૧૧૩) કાળ
(૧૧૪) ઋષભદેવ
(૧૧૫) જય જિનેન્દ્ર
(૧૧૬) પંચ પરમેષ્ઠી
(૧૧૭) અરહનાથ
(૧૧૮) સમ્યક્દર્શન
(૧૧૯) પાપ
(૧૨૦) પુષ્પદંત

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

* ચોથા ગુણસ્થાને વિષય-કષાયના પરિણામ હોય છતાં તે સમ્યગ્દર્શનને બાધા કરતા નથી અને સમ્યગ્દર્શન ન હોય છતાં અનંતાનુબંધી આદિ કષાયની મંદતા હોય છતાં મિથ્યાત્વના પાપને બાંધે છે, કેમ કે તેને સ્વભાવનો આશ્રય હોતો નથી. કોઈને (સમ્યગ્દષ્ટિને) (અપ્રત્યાખ્યાનના) કષાયની ઘણી તીવ્રતા હોય છતાં તેને ક્ષાયિક સમ્યગ્દર્શન હોય છે. કોઈને બાર અંગનું જ્ઞાન હોય તેથી કાંઈ સમ્યગ્દર્શન વિશેષ નિર્મળ હોય અને કોઈને ક્ષયોપશમ થોડો હોય તેથી સમ્યગ્દર્શનમાં નિર્મળતા ઓછી હોય એમ નથી. સમ્યગ્દર્શનના પરિણામ આત્માનો આશ્રય લઈને સ્વતંત્ર પ્રગટ થાય છે. વિષય-કષાયના પરિણામ હોય તે સમ્યગ્દર્શનને બાધા કરતા નથી પણ વિશેષ સમાધિ (નિર્મળતા) થઈ શકતી નથી. ૩૬

* પ્રશ્ન :—શાસ્ત્રથી આત્માને જાણ્યો અને પછી પરિણામ આત્મામાં મગ્ન થાય તે બે માં આત્માને જાણવામાં શું ફેર છે?

ઉત્તર :—શાસ્ત્રથી જાણપણું કર્યું એ તો સાધારણ ધારણારૂપ જાણપણું છે અને આત્મામાં મગ્ન થઈને અનુભવમાં તો આત્માને પ્રત્યક્ષ વેદનથી જાણે છે. તેથી એ બે માં મોટો ફેર છે, અનંતગણો ફેર છે. ૩૭

* (જો) કોઈ આકરી પ્રતિકૂલતા આવી પડે, કોઈ આકરા કઠોર મર્મછેદક વચન કહે તો શીઘ્ર પરમાનંદસ્વરૂપ દેહમાં સ્થિત પરમાત્માનું ધ્યાન કરીને દેહનું લક્ષ છોડી દેવું. સમતાભાવ કરવો. ૩૮.

* રાગથી ભિન્ન આત્માનું એકત્વ સદાકાળ અંતરમાં પ્રકાશમાન છે પણ રાગની એકતાથી એની દૃષ્ટિમાં ઢંકાઈ ગયું છે તેથી દેખવામાં આવતું નથી. રાગ છે તે હું છું ને શુભરાગથી મને લાભ થાય છે એ માન્યતા જ આત્માનું અત્યંત અહિત કરનારી છે. વિસંવાદ ઊભો કરનારી છે, આત્માનું બૂરું કરનારી છે. ૩૯.

* પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છે કે, જે વ્યવહારને પકડે છે તે જીવ દેશના સાંભળવાને લાયક નથી, કેમ કે અમારે સાંભળવું છે પરથી ભિન્ન આત્માના એકત્વરૂપ નિશ્ચયને, એ નિશ્ચય સ્વરૂપને તો ગ્રહણ કરતો નથી ને એકલા વ્યવહારને જ પકડે છે તે દેશના સાંભળવાને પાત્ર નથી. ૪૦.

*

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૧૩
અંક-૪ * વર્ષ-૮

Posted at Songadh PO
Publish on 1-12-2013
Posted on 1-12-2013

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## આવો ઉત્તમ યોગ ફરી ક્યારે મળશે?

આવો ઉત્તમ યોગ ફરી ક્યારે મળશે? જો આ ભવ વ્યર્થ ગુમાવ્યો તો ફરી આવો ઉત્તમ યોગ ક્યારે મળશે? તું વિપરીત માન્યતા છોડવા માટે મરણિયો પ્રયત્ન કર. મરીને પણ તું પ્રયત્ન કર એટલે કે ગમે તેવા પ્રસંગો હોય મિથ્યાત્વ છોડવાનો ઉગ્ર પ્રયત્ન કર. શાતા-અશાતામાં તું રોકાઈ ગયો પણ એ તો તારાથી ભિન્ન છે. હમણાં અનુકૂળતા નથી માટે પછી પ્રયત્ન કરીશ—એમ તું અટકી ગયો પણ શાતા-અશાતાથી તો તું ભિન્ન છો. શરીરમાં રોગ-નિરોગ હો પણ તે તો તારાથી ભિન્ન છે. અરે! શુભાશુભ ભાવોથી પણ તું ભિન્ન છો. શુભાશુભભાવો તો આકુળતામય છે. ભગવાનની ભક્તિ પૂજા-સ્મરણ કે શાસ્ત્રરચના-વંદના એ બધાં શુભભાવો તો આકુળતામય છે, પ્રભુ તો તેનાથી ભિન્ન નિરાકુળ જ્ઞાયક પ્રભુ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org